RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 309 Dt. 15-05-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## NEET પેપર લીકમાં મળી પેટર્ન - ડિજિટલ ફૂટપ્રિન્ટ

### તપાસમાં CBIને મળ્યા મહત્વપૂર્ણ પુરાવા : વધુ શકમંદોની થઈ શકે છે ધરપકડ



નવીદિલ્હી, તા. ૧૫.

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ NEET-UG ૨૦૨૬ પેપર લીક કેસની તપાસ દરમિયાન મહત્વપૂર્ણ માહિતી શોધી કાઢી છે. તપાસમાં પુણેમાં પ્રશ્નપત્રની હાર્ડ કોપી ખરીદવા અને રાજસ્થાન, હરિયાણા અને મહારાષ્ટ્રમાં કુરિયર્સ, વોટ્સએપ ગ્રુપ્સ અને કોચિંગ નેટવર્ક્સ દ્વારા તેમના પરિભ્રમણથી શરૂ થયેલી બહુ-રાજ્ય વિતરણ શૃંખલાનો ખુલાસો થયો છે. NEET પેપર લીકની CBI ની તપાસમાં અનેક પેટર્ન અને ડિજિટલ ફૂટપ્રિન્ટ્સ બહાર આવ્યા છે. લીક થયેલ પેપર નાસિકના શુભમ ખેમર દ્વારા હરિયાણાના ગુરુગ્રામના યશ યાદવ દ્વારા રાજસ્થાનના સીકર પહોંચાડવામાં આવ્યું હતું. સીકરથી, તે સોશિયલ મીડિયા દ્વારા અન્ય રાજ્યોમાં વહેંચવામાં આવ્યું હતું.

માંગીલાલ અને દિનેશ ભાઈઓ છે. દિનેશ ભાજપ યુવા મોરચાનો નેતા છે. દિનેશે યશ પાસેથી પૈસા લીધા હતા અને સિકરના ૧૦ વિદ્યાર્થીઓને રોકડા માટે અનુમાન પેપર વેચી દીધું હતું. વિકાસ દિનેશનો પુત્ર છે, જે સિકરમાં NEETનો ઉમેદવાર છે. અનુમાન પેપર તેના મિત્રોને વેચવામાં આવ્યું હતું. પાંચેયને SOG દ્વારા અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને પૂછપરછ બાદ, CBI દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. વધુમાં, વધારાના શંકાસ્પદોની ધરપકડ થઈ શકે છે.

સીબીઆઈની તપાસ દરમિયાન, પેપર લીક અને વેચાણ અંગે ઘણી વિગતો બહાર આવી છે. હાલમાં, સીબીઆઈએ તેમની પાસેથી જપ્ત કરાયેલા ડિજિટલ ઉપકરણો અને મોબાઈલ ફોન જપ્ત કર્યા છે અને તેમને વધુ તપાસ માટે CFSL ને મોકલી દીધા છે. CFSL દ્વારા, સીબીઆઈ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ડિલીટ કરાયેલા ચેટ્સ અને સંદેશાઓ મેળવવાનો ઈરાદો ધરાવે છે.

સીબીઆઈ વોટ્સએપ અને ટેલિગ્રામ પર સેવ કરેલા મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને સિમ કાર્ડના માલિકને ઓળખવાનો પ્રયાસ કરી રહી છે. સીબીઆઈનું સાયબર યુનિટ IP એડ્રેસનો ઉપયોગ કરીને ચેટ અથવા સંદેશ મોકલતી વખતે તેનું સ્થાન નક્કી કરવા માટે કામ કરી રહ્યું છે. સીબીઆઈ પાંચ ધરપકડ કરાયેલા વ્યક્તિઓના સંપર્ક સૂચિમાંના બધા લોકોના સામાન્ય સંપર્કોની સૂચિ તૈયાર કરી રહી છે જેથી તેઓ તેમનો ચેટ ઇતિહાસ અને ડિલીટ કરેલ ડેટા મેળવી શકે.

હાલમાં, સીબીઆઈને NEET પેપર લીક કેસમાં કોઈ મોટી સંગઠિત ગેંગની સંડોવણીના કોઈ સીધા પુરાવા મળ્યા નથી, જોકે તપાસ હજુ તેના પ્રારંભિક તબક્કામાં છે. સીબીઆઈ સૂત્રોના જણાવ્યા અનુસાર, કોઈ શક્યતા નકારી શકાય નહીં. સીબીઆઈએ પાંચ ધરપકડ કરાયેલા આરોપીઓની બેંક વિગતો મેળવવા માટે સંબંધિત બેંકોને પત્ર લખ્યો છે, તેમના ખાતાની માહિતી માંગી છે. લીકેજ પોઈન્ટમાં સામેલ વ્યક્તિઓને ઓળખવા માટે, CBI એ ગઝઅ અધિકારીઓ પાસેથી માહિતી એકઠી કરી છે. બુધવારે, CBI એ NTA ઓફિસમાં કલાકો વિતાવ્યા, પેપર તૈયાર કરવામાં, તેને છાપવામાં, તેને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં અને પરીક્ષા પહેલા વિવિધ રાજ્યોમાં મોકલવામાં સામેલ લોકોની ભૂમિકા વિશે સંપૂર્ણ માહિતી મેળવવા માટે. સૂત્રોના જણાવ્યા અનુસાર, CBI એ NEET પેપરની સલામત અને સુરક્ષિત ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે જવાબદાર ૫૦ થી વધુ વ્યક્તિઓ વિશે માહિતી મેળવી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, CBI એ આ તમામ વ્યક્તિઓ માટે બેંકો પાસેથી નાણાકીય વિગતો પણ માંગી છે. CDR દ્વારા, CBI આરોપીઓ અથવા અન્ય શંકાસ્પદો સાથે સંપર્કના પુરાવા એકઠા કરી રહી છે. CBI ટીમો NEET પરીક્ષા આપનારા અને લીક થયેલ પેપર મેળવનારા એક ડઝનથી વધુ વિદ્યાર્થીઓની પણ પૂછપરછ કરી રહી છે, જેથી લીકમાં સામેલ વિવિધ જૂથો વિશે માહિતી એકત્રિત કરી શકાય અને પછી PDF ફોર્મેટમાં પેપરને પાસવર્ડ-સુરક્ષિત કરી શકાય.

## ૧૬ રાજ્યો-૩ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં SIRનો ત્રીજો તબક્કો

નવી દિલ્હી, તા.૧૪

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે ગુરુવારે ૧૬ રાજ્યો અને ત્રણ કેન્દ્રશાસિત પ્રદેશો (UT) માં મતદાર યાદીના ખાસ સઘન સુધારા (SIR) તબક્કા-III ના આયોજનની જાહેરાત કરી અને તમામ મતદારોને ઉત્સાહપૂર્વક આ કવાયતમાં ભાગ લેવા અને તેમના ગણતરી ફોર્મ ભરવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે આ સુધારાનો હેતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે અયોગ્ય એન્ટ્રીઓને બાકાત રાખીને, ફક્ત લાયક મતદારોને મતદાર યાદીમાં સામેલ કરવામાં આવે.

> “૩૦ મે થી દિલ્હી, મહારાષ્ટ્ર સહિતના રાજ્યોમાં ચૂંટણી પંચ દ્વારા શરુ કરાશે કામગીરી : ૩૬.૭૩ કરોડ મતદારોને આવરી લેતા ૩.૯૪ લાખથી વધુ બૂથ-લેવલ અધિકારીઓ ઘરે-ઘરે જઈને ચકાસણી કરશે.”

ભારતીય ચૂંટણી પંચ (ECI) એ એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે તબક્કા III ની કવાયત તબક્કાવાર રીતે લગભગ ૩૬ કરોડ મતદારોને આવરી લેશે અને ફિલ્ડ સ્ટાફની તૈનાતીને શ્રેષ્ઠ બનાવવા માટે ચાલુ વસ્તી ગણતરીના ઘર-યાદી ઘટક સાથે સંરેખિત કરવામાં આવી છે. આ તબક્કામાં સંશોધન સમગ્ર દેશને આવરી લેશે, સિવાય કે હિમાચલ પ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશો જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખ, જ્યાં બરફથી ઘેરાયેલા વિસ્તારોમાં હવામાન પરિસ્થિતિઓ અને ચાલુ વસ્તી ગણતરી કામગીરીને કારણે સમયપત્રક અલગથી જાહેર કરવામાં આવશે.

જે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ કવાયત હાથ ધરવામાં આવશે તેમાં દિલ્હી, ઓડિશા, મિઝોરમ, સિક્કિમ, મણિપુર, ઉત્તરાખંડ, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, હરિયાણા, ચંદીગઢ, તેલંગાણા, પંજાબ, કર્ણાટક, મેઘાલય, મહારાષ્ટ્ર, ઝારખંડ, નાગાલેન્ડ, ત્રિપુરા અને કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો સમાવેશ થાય છે.

EC ના જણાવ્યા અનુસાર, કવાયતના ત્રીજા તબક્કા દરમિયાન, ૩.૯૪ લાખથી વધુ બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) ઘરે-ઘરે મુલાકાત લેશે. SIR ના પહેલાના બે તબક્કામાં, જે ૧૩ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લે છે, ૬.૩ લાખથી વધુ ઇક્ઘ અને ૯.૨ લાખ ઇક્અ ના સમર્થનથી ૫૯ કરોડથી વધુ મતદારોને આવરી લેવામાં આવ્યા હતા. આ કવાયતનું સમયપત્રક અનેક તબક્કામાં છે, જેમાં તાલીમ, ગણતરી, ડ્રાફ્ટ પ્રકાશન, દાવાઓ અને વાંધા અને દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશ માટે અંતિમ યાદી પ્રકાશનનો સમાવેશ થાય છે.

બિહાર, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ, પુડુચેરી, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત, છત્તીસગઢ, ગોવા, આંદામાન અને નિકોબાર ટાપુઓ અને લક્ષદ્વીપમાં ખાસ સઘન પુનરાવર્તન પહેલાથી જ પૂર્ણ થઈ ગયું છે. આસામમાં પણ એક અલગ ''ખાસ પુનરાવર્તન'' કવાયત હાથ ધરવામાં આવી હતી.

## ઉત્તર પ્રદેશમાં આકાશી આફત , ૧૦૪ના મોત

### ૫૨ થી વધુ લોકો ઘાયલ , ૧૩૦ પ્રાણીઓના મોત : મદદ પહોંચાડવાનું શરૂ

નવીદિલ્હી, તા. ૧૪

ઉત્તર પ્રદેશ સરકારના ડિઝાસ્ટર ડિપાર્ટમેન્ટના સ્પેશિયલ ડ્યુટી ઓફિસર મનોજ કુમારે બીબીસીને જણાવ્યું હતું કે, ''અત્યાર સુધી વાવાઝોડાને કારણે ૧૦૪ લોકોનાં મોત થયાં છે, જ્યારે ૫૨ લોકો ઘાયલ થયા છે. લગભગ ૧૩૦ પ્રાણીઓનાં મોત થયાં છે અને ૯૮ ઘરો ધરાશાયી થયાં છે. પ્રયાગરાજમાં ૨૧, મિર્ઝાપુરમાં ૧૯, ફતેહપુરમાં ૧૧ અને કાનપુર દેહાતમાં બેનાં મોત થયાં છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ આ ઘટનાની નોંધ લીધી હતી અને અધિકારીઓને લોકોને પૂરતી મદદ પહોંચાડવાના આદેશ આપ્યા હતા.



ઉત્તર પ્રદેશના પાંચ જિલ્લા પ્રયાગરાજ, ભદોહી, મિર્ઝાપુર, ફતેહપુર અને બદાયુંમાં તેની સૌથી વધુ અસર જોવા મળી હતી. ભદોહીમાં ઓછામાં ઓછા ૧૬ લોકો, ફતેહપુરમાં નવ લોકો, તથા બદાયુંમાં પાંચ લોકોનાં મોત થયાં છે. ભદોહીના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ વિરેન્દ્રકુમાર મૌર્યએ પીટીઆઈને જણાવ્યું હતું કે, ''અનેક વિસ્તારોમાંથી ઝાડ, વીજથાંભલા ઉખડી જવાના તથા ઘરોને નુકસાન થવાના સમાચારો મળ્યા હતા. રેસ્ક્યૂ ઑપરેશનમાં થોડી મુશ્કેલી પડી હતી કારણ કે મોબાઈલ નેટવર્ક પણ વાવાઝોડાને કારણે ખોરવાઈ ગયું હતું. ફતેહપુરમાં પણ ૧૧ લોકોનાં મોત થયાં છે.

ઉત્તર પ્રદેશમાં હવામાનની પેટર્નમાં અચાનક ફેરફારના કારણે રાજ્યમાં મોટા પાયે વિનાશકારી સ્થિતિ પેદા થઈ છે. આ ઘટનામાં ઈજા પામેલા ૧૦૦થી વધુ લોકોને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. સૌથી વધારે લોકો વીજળી પડવાની ઘટનાના કારણે મૃત્યુ પામ્યા છે, આ ઉપરાંત દીવાલ ધસી પડવાથી અને ઝાડ તૂટી પડવાના કારણે પણ લોકો માર્યા ગયા છે. અલગ અલગ જિલ્લામાં વીજળીના થાંભલા અને ઝાડ ઉખડી ગયા છે જેના કારણે વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. અનેક જગ્યાએ રસ્તા બંધ થઈ જવાથી ટ્રાફિકને અસર થઈ હતી. ઝડપી પવનની સાથે કેટલીક જગ્યાએ કરા પણ પડ્યા છે જેથી પાકને ભારે નુકસાન થયું છે.

## બંગાળની સ્કૂલોમાં વંદે માતરમ ગાવું પણ ફરજિયાત

### બાળકોમાં દેશ પ્રેમની ભાવના મજબૂત કરવા શુભેન્દુ સરકારનો નિર્ણય

કોલકાતા, તા,૧૪

પશ્ચિમ બંગાળની વર્તમાન સરકારે રાજ્યની શૈક્ષણિક પ્રણાલીમાં દેશભક્તિના રંગો પૂરવા માટે એક મહત્ત્વનો નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીએ જાહેરાત કરી છે કે હવેથી રાજ્યની તમામ સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોમાં સવારની પ્રાર્થના સભામાં 'વંદે માતરમ' ગાવાનું ફરજિયાત કરી દીધું છે.

બંગાળ શિક્ષણ વિભાગે ૧૩ મેના રોજ જાહેર કરેલા પરિપત્ર પ્રમાણે, આ નિયમ તાત્કાલિક અસરથી લાગુ કરાયો છે. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર આ માહિતી શેર કરતા જણાવ્યું હતું કે, આગામી સોમવારથી રાજ્યની તમામ સ્કૂલોમાં આ ફેરફાર જોવા મળશે. આ આદેશમાં સ્પષ્ટતા કરાઈ છે કે, બંગાળની તમામ સ્કૂલમાં સવારની પ્રાર્થનામાં આ નિયમનું પાલન થઈ રહ્યું છે કે નહીં, તેનું વીડિયો રેકોર્ડિંગ રાખવું પડશે. શિક્ષણ વિભાગના અધિકારીઓ ગમે ત્યારે સ્કૂલની મુલાકાત લઈને આ અંગે તપાસ કરી શકે છે. જો કોઈ સ્કૂલ આ નિયમનું ઉલ્લંઘન કરતી હશે, તો તેની સામે કડક વહીવટી પગલાં લેવાશે.

બંગાળની સ્કૂલોમાં અત્યાર સુધી મુખ્યત્વે રાષ્ટ્રગીત 'જન ગણ મન' ગવાતું હતું. અગાઉની સરકારના સમયમાં 'બાંગલાર માટી બાંગલાર જલ' (બંગાળની માટી, બંગાળનું જળ)ને પણ રાજ્ય ગીત તરીકે મહત્ત્વ અપાયું હતું. બંગાળની ધરતી પર જ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા જેની રચના કરાઈ હતી એ 'વંદે માતરમ'ને હવે સત્તાવાર રીતે પ્રાર્થનામાં સ્થાન



મળ્યું છે. આ નિર્ણયને સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય પુનરુત્થાન તરીકે જોવામાં આવી રહ્યો છે.

આ નવા આદેશ બાદ શિક્ષણ જગતમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. કેટલીક સ્કૂલોએ આ નિર્ણયને આવકાર્યો છે. બીજી તરફ, કેટલાક શિક્ષક સંગઠનો અને ડાબેરી વિચારધારા ધરાવતા પ્રતિનિધિઓએ વ્યવહારુ મુશ્કેલીઓ અંગે પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમનું કહેવું છે કે સવારની સભાનો સમય મર્યાદિત હોય છે, જેમાં રાષ્ટ્રગીત, રાજ્ય ગીત અને હવે વંદે માતરમ આ બધું કયા ક્રમમાં અને કેવી રીતે પૂર્ણ થશે તે અંગે વધુ સ્પષ્ટતાની જરૂર છે.

# શહેરના વોર્ડ ૮-૯ અને ૧૧માં ધાર્મિક દબાણો દૂર

### મોડીરાત્રે મનપાના બુલડોઝર ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ધણધણ્યા : વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કલેકટર-કોર્પોરેશનને ડિમોલીશન ન કરવા પાઠવ્યું'તું આવેદન



રાજકોટ,તા.૧૪

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતને દબાણ મૂકત બનાવવાનો નિર્ધાર અગાઉ પણ કરવામાં આવ્યો હતો અને તે દિશામાં હાલ સ્થાનિક પ્રશાસન દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવી રહ્યાં છે. એટલું જ નહીં જિલ્લા વહીવટી તંત્ર મહાનગરપાલિકા અને રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અનઅધિકૃત બાંધકામ દૂર કરી જમીનો ખૂલ્લી કરાવવામાં આવી રહી છે. ત્યારે ગઈકાલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૮,૯ અને ૧૧માં જે અનઅધિકૃત બાંધકામ એટલે કે જે ધાર્મિક બાંધકામો હોય તેને ડિમોલીશ કરવાનો નિર્ણય લીધો હતો. પરંતુ ગઈકાલે સાંજે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ડિમોલીશન ન કરવા માટે કલેકટર તંત્ર તથા મ્યુનિ.કોર્પોરેશનમાં લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ત્યારે વિશ્વ હિન્દુ પરિષદનાં આગેવાનોના જણાવ્યા અનુસાર તંત્ર દ્વારા બાંહેધરી આપવામાં આવી હતી. પરંતુ સુત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલે મધરાત્રીએ તંત્રનું બુલડોઝર ધણધણ્યું હતું. વાત કરવામાં આવે તો મહાનગરપાલિકા દ્વારા રસ્તા ઉપર નડતરરૂપ હોય તેવા મંદીરોને હટાવવા માટે ડિમોલીશનની નોટિસ આપવામાં આવી હતી. પરંતુ આ અંગે કોઈ ગંભીરતા દાખવવામાં ન આવતાં તંત્રએ પોલીસ બંદોબસ્ત સાથે ત્રણેય વોર્ડના ધાર્મિક દબાણો દૂર કરવા માટે નિર્ણય લીધો હતો.

રાજકોટ મહાનગરપાલિકાના વેસ્ટ ઝોન વિસ્તારમાં વોર્ડ નં.૮,૯ અને ૧૧માં આશરે ૧૩ ધાર્મિક દબાણો દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળયું છે ત્યારે ગઈકાલે રાત્રે એક કલાકે ચુસ્ત પોલીસ બંદોબસ્ત મોબાઈલ સહિત સ્ટાફ સાથે વેસ્ટ ઝોન ઓફિસ ખાતે હાજર રહેવા માટેની વિનંતી કરતો પત્ર પણ ટાઉન પ્લાનીંગ શાખા વેસ્ટ ઝોન દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જેમાં જેસીબી-૩, એક ડમ્પર, ૪ ટ્રેક્ટર, ૨૦ મજુરો સાથે અન્ય જરૂરી સાધન સામગ્રી ફાળવવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ ડિમોલીશનમાં ફાયર ફાઈટર અને જગ્યા રોકાણ વિભાગનાં કર્મચારીઓ તથા અધિકારીઓને પણ જોડવામાં આવ્યા હોવાનું માલુમ પડયું છે. મહાનગરપાલિકાના સંપર્ક સુત્રોના જણાવ્યા અનુસાર ગઈકાલ મોડીરાત્રે તંત્રનાં બુલડોઝર ધણધણ્યા હતાં. ડિમોલીશન બાબતે માલવીયાનગર પોલીસનો સંપર્ક સાધતા પોલીસે ડિમોલીશન થવા બાબતે સમર્થન આપીને જુદી જુદી જગ્યાએ જરૂરી બંદોબસ્ત ફાળવ્યો હતો.

૧. હનુમાનજીની દેરી - ૧૨.૦૦ મી. ટી.પી. રોડ
૨. હનુમાનજીની દેરી - યોગીનગર મેઈન રોડ, દેશા ચૌકી પાસે, રાજકોટ
૩. મામા સાહેબ-મેલડીમાં મંદિર - માયાણી આવાસ યોજનાના બાજુમાં, રાજકોટ
૪. અંબાજી મંદિર - પુવનપુત્ર હનુમાન મંદિર - માયાણી આવાસ યોજના, ગોકુલ ગ્રીનલેન્ડ રેસીડન્સી પાસે, રાજકોટ
૫. ઉગતાપોરની મેલડીમાં મંદિર - વિકાસનગર-૩, માયાણી આવાસ યોજનાના બાજુમાં, રાજકોટ
૬. શ્રી હનુમાનજી મંદિર - શ્રીનાથજી કૃપા, ઉદય નગર-૧, શેરી નં.૧૩, મવડી રાજકોટ
૭. શ્રી કસ્તભંજન હનુમાન મહારાજ મંદિર - ઉદય નગર-૧, શેરી નં.૧૭, મવડી, રાજકોટ
૮. શ્રી કેશરીયા હનુમાનજી મંદિર - ભકિતનંદ એપાર્ટમેન્ટની બાજુમાં, જ્યોતિ કોમ્પલેક્ષની સાથે, ઉદયનગર-૧૬, મવડી મેઈન રોડ, રાજકોટ
૯. શ્રી જય બાલાજી મંદિર - માનસ ફુટવેર (જય ભવાની જવેલર્સ), મવડી મેઈન રોડ, રાજકોટ
૧૦. શ્રી હનુમાનજી મંદિર - માયાણી ચોક, બેકબોન શાપિંગ સેન્ટર, રાજકોટ
૧૧. શ્રી હનુમાનજી મંદિર - માયાણી ચોકની બાજુમાં, રાજકોટ
૧૨. માતાજી મંદિર - આર.એમ.સી. વેસ્ટ ઝોન રોડની બાજુમાં, ચંદ્ર પાર્ક, સોસાયટી, નાનામવા, રાજકોટ
૧૩. શ્રી હનુમાન મંદિર - વોકહાર્ટ હોસ્પિટલની સામે, કાલાવડ રોડ, કે.કે.વી. ચોક પાસે, રાજકોટ

# સિંહ સરંક્ષણની પ્રાથમિકતાથી વધી વસ્તી : CM

## ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ-૨૦૨૬ની સૌપ્રથમ પ્રથમ પ્રિ-ઈવેન્ટનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી પ્રારંભ કરાવ્યો






ગાંધીનગર, તા.૧૪

ભારત સરકારના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા ઈઈઈઅ સમિટ ભારત-૨૦૨૬ના પૂર્વાર્ધરૂપે સાસણ ગીરમાં યોજાઇ રહેલી સૌપ્રથમ પ્રિ-ઈવેન્ટ ઓન લાયન કન્ઝર્વેશનનો ગાંધીનગરથી મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી પ્રારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, એશિયાટીક લાયન-ગીરના સાવજના જતન-સંવર્ધન અને સંરક્ષણના સફળ પરિણામદાયી પ્રયાસોથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકાસ ભી, વિરાસત ભીનો મંત્ર સાકાર કર્યો છે. કેન્દ્રીય વન પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, રાજ્યના વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, રાજ્યમંત્રી પ્રવીણકુમાર માળી આ પ્રિ-ઈવેન્ટમાં સાસણગીર ખાતે પ્રત્યક્ષ સહભાગી થયા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી આગામી તા.૧ અને ૨ જૂનના દિવસોએ નવી દિલ્હીમાં ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સની પ્રથમ સમિટ યોજાશે. આ સમિટની પ્રિ-ઈવેન્ટ દેશના વિવિધ રાજ્યોમાં અલગ-અલગ થીમ સાથે યોજાવવાની છે. તદઅનુસાર, સાસણગીરમાં સિંહ, ભોપાલમાં ચિતા, ભુવનેશ્વરમાં દીપડા, ગેંગટોકમાં સ્નો લેપર્ડ અને મહારાષ્ટ્રના ચંદ્રપુરમાં વાઘ સરક્ષણ અંગેની ઈવેન્ટ યોજાશે.

મુખ્યમંત્રીએ સાસણની આ પ્રિ-ઈવેન્ટને બિગ કેટના સંવર્ધન માટેના વડાપ્રધાનના વિઝનને સમજવા માટેનું ઉત્તમ સ્થળ ગણાવી હતી. તેમણે કહ્યું કે, ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન નરેન્દ્રભાઈ મોદીએ ગીર સેન્ચ્યુરી અને સિંહના જતન માટે જે પગલાં લીધા તેના અનુભવ પરથી દેશમાં બિગ કેટ સંવર્ધનને વેગ મળ્યો છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ઈકોલોજી સાથે ઈમોશન જોડીને લોકલ ઈકોનોમીને વેગ આપવા સાથે પર્યાવરણ જાળવણીનો વડાપ્રધાનનો અભિગમ ગુજરાતમાં ચરિતાર્થ થયો છે.

સિંહ સરક્ષણને પ્રાથમિકતા અને વન વિભાગની બેસ્ટ પ્રો- એક્ટિવ પ્રેક્ટિસિસને પરિણામે સિંહની વસ્તી જે ૧૯૯૧માં ૨૮૪ હતી તે વધીને આજે ૮૯૧ જેટલી થઈ છે.

એટલું જ નહિ, સિંહના વિચરણનો વિસ્તાર પણ પાછલા અઢી દાયકામાં ત્રણ જિલ્લાથી વધીને ૧૧ સુધી પહોંચ્યો છે. પોરબંદરના બરડા પંથકમાં સિંહોનું કુદરતી રીતે આગમન થયું છે અને સરકારના પ્રયાસોથી બરડા અભ્યારણ્ય એશિયાટીક લાયનનું નવું રહેઠાણ બન્યું છે. ૨૪ જેટલા સિંહ આજે બરડામાં વસવાટ કરે છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વનરાજની વૈભવ વિરાસત જળવાઈ રહે અને વન્યજીવ સૃષ્ટિનો પણ વિકાસ થાય તે હેતુથી વડાપ્રધાનએ ૨૦૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ લાયન શરૂ કરાવ્યો છે તેની પણ વિશદ ભૂમિકા આપી હતી.

તેમણે આ અંગે જણાવ્યું કે, સિંહો માટે બ્રિડિંગ સેન્ટર, આઈસોલેશન સેન્ટર, સારવાર કેન્દ્ર આધુનિકરણ, રેડિયો કોલર અને ડ્રોન સર્વેલન્સની સુવિધાઓ વિકસાવવામાં આવી છે.

આ પ્રોજેક્ટ લાયન બૃહદ ગીરના સર્વાંગી વિકાસ માટે સિંહ સંવર્ધન ઉપરાંત સ્થાનિક લોકોના આર્થિક અને સામાજિક ઉત્થાન માટે પણ ઉપયોગી બનશે તેમ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીએ આ ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટ વડાપ્રધાનના દિશાદર્શનમાં વન્યજીવ સૃષ્ટી અને પર્યાવરણ સંરક્ષણ માટે જીવમાં શિવ અને પૌધામાં પરમાત્માની સંસ્કૃતિનું વિશ્વને દર્શન કરાવનારી સમિટ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય વન અને પર્યાવરણ તથા જલવાયુ મંત્રી ભૂપેન્દ્ર યાદવે દિલ્હી ખાતે યોજાનારા ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટના સંદર્ભમાં જણાવ્યું કે, ભારતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં પ્રકૃતિ પર્યાવરણ અને વન્યજીવનના સંરક્ષણ માટે નવું વિઝન આપ્યું છે. બિગ કેટ એટલે કે બિલાડી કુળના મુખ્ય પ્રાણીઓ સહિતના પ્રાણીઓના સંરક્ષણ માટે સર્વે હિતધારકોને એક મંચ પર લાવવા માટે ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સ સમિટના માધ્યમથી મનોમંથન થશે અને વન્ય પ્રાણીઓના સંરક્ષણ માટે આધાર સ્તંભ રૂપ દિલ્હી ડેકલેરેશન પણ જાહેર કરવામાં આવશે.

આ સમિટમાં વિશ્વના સત્તા વાહકો, વન્ય પ્રાણીક્ષેત્રના નિષ્ણાંતો, સાયન્ટિસ્ટ, કોર્પોરેટ સહિતના લોકો ભાગ લેશે. તેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ સહયોગ વધુ સુદ્રઢ બનશે. આ સમિટની થીમ પણ બિલાડી કુળના વન્ય પ્રાણીઓના સંરક્ષણ તથા માનવતા અને પૃથ્વી પર્યાવરણના જતનની રહેશે.

તેમણે ઉદઘોષણા કરતા જણાવ્યું હતુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આંતરરાષ્ટ્રીય બિગ કેટ અલાયન્સ (IBCA)ની પરીકલ્પના અને પહેલ વર્ષ ૨૦૨૩માં કરવામાં આવી હતી. હવે ૧ જૂન ૨૦૨૬ના રોજ તેમના માર્ગદર્શનમાં ભારત મંડપમ નવી દિલ્હિમાં IBCA શિખર સંમેલનનું યજમાન ભારત બનશે. બિલાડી કુળની આ સાત પ્રજાતિ વિશ્વના ૫૫ દેશોમાં વસે છે.

વધુમાં તેઓએ કહ્યુ હતું કે, ગુજરાતે સમગ્ર વિશ્વ સમક્ષ સિંહ સંરક્ષણનું ઉત્કૃષ્ટ રોલ મોડલ પૂરું પાડ્યું છે, સમગ્ર વિશ્વમાં આફ્રિકન લાયન સહિતના સિંહોની વસ્તી ઘટી રહી છે ત્યારે એશિયાઈ સિંહો વસ્તીમાં ૩૨ ટકાનો વધારો થતાં જેની સંખ્યા ૮૯૧ થઈ છે. સિંહોના સંરક્ષણ માટે નવા રહેઠાણો પણ વિકસાવવામાં આવ્યા છે, તેમાં બરડા અભયારણ્ય વિસ્તાર ઉભરી આવ્યું છે. સૌરાષ્ટ્ર ગુજરાતની જનતાના સન્માનનું પ્રતિક બનેલા સિંહ અને તેના સંરક્ષણના મોડલને સમગ્ર વિશ્વ સમક્ષ આગળ વધારવા માંગીએ છીએ.

તેમણે કહ્યું કે, મનુષ્ય દરેક વસ્તુનું સર્જન કરી શકે છે પરંતુ જીવનું નિર્માણ કરી શકતો નથી, આપણી સંસ્કૃતિ પણ કરુણાના ગુણ પર વિશેષ ભાર આપે છે એટલે કે સમગ્ર પૃથ્વી માત્ર મનુષ્ય માટે જ નથી પરંતુ જીવ સૃષ્ટિ માટે પણ છે, એટલે તેનું સંરક્ષણ કરવું એટલું જ જરૂરી છે.

તેમણે પ્રગતિ માટે આર્થિક વિકાસની સાથે ઈકો સિસ્ટમની પણ જાળવણી થાય તેના પર ભાર આપતા જણાવ્યું કે, જે પ્રકૃતિની રક્ષા કરે છે તેની પ્રકૃતિ પણ રક્ષા કરે છે.

આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ સાસણની ભૂમિ પર ઈન્ટરનેશનલ બિગ કેટ એલાયન્સની પ્રિ-ઈવેન્ટ યોજાઇ રહી છે તેનો સગૌરવ ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતની ભૂમિ પર બિલાડી કુળના મુખ્ય એવા સિંહ અને દિપડો તો જોવા મળી રહ્યા છે, તેમાં ઉમેરો થતાં રતન મહાલ અભયારણ્યમાં વાઘની હાજરી પણ જોવા મળી છે. તે સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, વાઘનો ગુજરાતની ભૂમિ પર વસવાટ કાયમી બને તેવા પ્રયાસો છે.

ઉપરાંત ચિત્તાને પણ ગુજરાતમાં લાવવાની તૈયારી વિભાગ વન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. વડાપ્રધાનના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતમાં પર્યાવરણના જતન સાથે ઈકો સિસ્ટમ મજબૂત બની છે.

ઈન્ટરનેશનલ બીગ કેટ એલાયન્સના ડાયરેક્ટર એસ.પી. યાદવે વિડિયો ફિલ્મ નિદર્શનના માધ્યમથી IBCAની પૂર્વ ભૂમિકા અને બિલાડી કુળના ૭ મુખ્ય વન્ય પ્રાણીઓની વૈશ્વિક પ્રેઝન્સના સંદર્ભમાં ચિતાર આપતા જણાવ્યું હતું કે, વિશ્વના સાત બિગ કેટમાં વાઘ, સિંહ, દીપડો, હિમ દિપડો, ચિત્તો, જેગુઆર અને પુમાનો સમાવેશ થાય છે તે પૈકી પાંચ એટલે કે વાઘ સિંહ દીપડો હિમ દીપડો અને ચિત્તો ભારતમાં જોવા મળે છે. સાસણની આ પ્રિ ઈવેન્ટમાં સાસણની વન્ય જીવ સૃષ્ટિ અને સંવર્ધનના બ્રોસરનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વન રાજ્ય મંત્રી પ્રવીણભાઈ માળી,વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ આર.સી.મીણા, ડો. એ.પી.સિંહ, હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ ડો. જયપાલ સિંહ, બી.પી. પાટી, રમેશકુમાર પાંડે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સીસીએફ ડો. રામ રતન નાલાના માર્ગદર્નમાં સાસણની વન વિભાગની ટીમે સમગ્ર ઈવેન્ટનું સંકલન કર્યુ હતું.

# HCના ન્યાયાધીશ સ્વરાણા શર્માની દારૂ નીતિ કેસમાં બદનક્ષી કરવાની ચેતવણી

### જસ્ટિસ શર્માએ કહ્યું હતું કે 'હું ચૂપ રહી શકતી નથી', કોર્ટના ધ્યાનમાં આવ્યું કે કેટલાક પ્રતિવાદીઓ દ્વારા તેમના વિરુદ્ધ કેટલીક 'દુષ્ટ' સામગ્રી પોસ્ટ કરવામાં આવી છે

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ સ્વરાણા કાંતા શર્માએ ગુરુવારે કહ્યું હતું કે એક્સાઇઝ પોલિસી અપીલ કેસમાં કેટલાક પ્રતિવાદીઓ સામે અવમાનનાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જસ્ટિસ શર્માએ કહ્યું હતું કે ''હું ચૂપ રહી શકતી નથી''. કોર્ટના ધ્યાનમાં આવ્યું છે કે કેટલાક પ્રતિવાદીઓ દ્વારા તેમના વિરુદ્ધ કેટલીક ''અત્યંત બદનક્ષીકારક'' અને ''દુષ્ટ'' સામગ્રી પોસ્ટ કરવામાં આવી છે.

કોર્ટે કહ્યું હતું કે સાંજે ૫ વાગ્યે વિગતવાર આદેશ જાહેર કરવામાં આવશે. કોર્ટ આ કેસમાં કાર્યવાહી માટે એમિકસ ક્યુરી (કોર્ટના મિત્ર) ના નામ જાહેર કરવાના હતા. જસ્ટિસ શર્માએ સુનાવણીનો હેતુ સ્વીકાર્યો અને કહ્યું કે કોર્ટે આ સંદર્ભમાં પ્રયાસો કર્યા છે. તેમણે કહ્યું કે કેટલાક વરિષ્ઠ વકીલોએ એમિકસ બનવાનું ''કૃપાપૂર્વક સ્વીકાર્યું'' છે.

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ માટે એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુ અને સેન્ટ્રલ




બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) માટે સોલિસિટર જનરલ તુષાર મહેતા સહિત વરિષ્ઠ વકીલો ગુરુવારે કોર્ટમાં હાજર રહ્યા હતા. એક્સાઇઝ પોલીસ કેસમાં દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, તેમના ભૂતપૂર્વ નાયબ મનીષ સિસોદિયા અને દુર્ગેશ પાઠક સહિત આમ આદમી પાર્ટી (આપ) ના વરિષ્ઠ નેતાઓ સામેલ છે. હાલની સુનાવણી સીબીઆઈ દ્વારા કેસમાં આરોપીઓ સામે ટ્રાયલ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ડિસ્ચાર્જ ઓર્ડરને પડકારતી ફોજદારી સુધારણા અરજીમાંથી આવી છે.

ગયા મહિને, કેજરીવાલ અને અન્ય લોકોએ ''પક્ષપાતની આશંકા'' ટાંકીને જસ્ટિસ શર્માને સીબીઆઈની અપીલની સુનાવણીમાંથી દૂર કરવાની વિનંતી કરી હતી. કેજરીવાલે વ્યક્તિગત રીતે તેમની અરજી પર દલીલ કરી હતી. જોકે, ન્યાયાધીશ શર્માએ આ અરજીને નકારી કાઢી હતી. ત્યારબાદ, કેજરીવાલ, સિસોદિયા અને પાઠકે કેસની બાકીની કાર્યવાહી માટે જસ્ટિસ શર્મા સમક્ષ હાજર થવાનો ઈનકાર કર્યો હતો. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા એક પત્રમાં, કેજરીવાલે કહ્યું હતું કે તેમને આ બેન્ચ પાસેથી ન્યાયની કોઈ અપેક્ષા નથી અને તેઓ સુનાવણી માટે રૂબરૂ અથવા કાનૂની સલાહકાર દ્વારા હાજર રહેશે નહીં.

તેથી, કેજરીવાલ, સિસોદિયા અને પાઠકની ગેરહાજરીમાં કેસ આગળ વધારવા માટે કોર્ટ દ્વારા એમિકસની નિમણૂક કરવામાં આવી રહી છે. નિમણૂકની પ્રક્રિયામાં પહેલાથી જ વિલંબ થઈ ચૂક્યો છે, અને ન્યાયાધીશ શર્મા ગુરુવારે અંતિમ જાહેરાત કરે તેવી અપેક્ષા હતી.

### આગામી કેટલાક વર્ષોમાં આ સંદર્ભમાં ''શૂન્ય જાનહાનિ'' સુનિશ્ચિત કરવામાં સક્ષમ બનશે : અમિત શાહ

# ગરમીના મોજા દરમિયાન શૂન્ય જાનહાનિ માટે યોજના તૈયાર : શાહ

નવી દિલ્હી, તા.૧૪

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુરુવારે જણાવ્યું હતું કે મંત્રાલયે આગામી વર્ષોમાં ગરમીના મોજા દરમિયાન શૂન્ય માનવ જાનહાનિ સુનિશ્ચિત કરવા માટે એક વ્યૂહરચના તૈયાર કરી છે. તેમણે આપત્તિ વ્યવસ્થાપન માટે ''પ્રતિક્રિયાશીલ'' અભિગમને બદલે ''સક્રિય'' અભિગમની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

૨૦૦૬ માં કુદરતી અને માનવસર્જિત આફતો દરમિયાન રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા માટે ફેડરલ આકસ્મિક દળ તરીકે સ્થાપનાના ૨૦મા વર્ષમાં આ સન્માન મળ્યું છે. રાષ્ટ્રપતિનો રંગ ફક્ત NDRF ની ઉત્કૃષ્ટ સેવાઓ માટે જ નહીં પરંતુ તમામ રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળો, રાજ્ય મશીનરી, ગઈઈ (નેશનલ કેડેટ કોપ્ર્સ), NSS (નેશનલ સર્વિસ સ્કીમ), 'અપદા સેવા મિત્ર' (સ્વયંસેવકો) અને અન્ય લોકો માટે પણ



''માન્યતા'' છે. NDRF એ તેના કાર્યો દ્વારા દેશ અને વિદેશના લોકોનો ''પ્રશંસા અને વિશ્વાસ'' મેળવ્યો છે.

તેમણે કહ્યું કે મોદી સરકારનો ઉદ્દેશ ચક્રવાત, ભૂકંપ અને પૂર સહિતની દુર્ઘટનાઓ અને આફતો દરમિયાન ''શૂન્ય જાનહાનિ અને ઓછામાં ઓછું સંપત્તિ નુકસાન'' સુનિશ્ચિત કરવાનો છે. ગૃહ મંત્રાલય (MHA) એ દેશમાં ગરમીના મોજાના ''ગંભીર પડકાર'' નો વધુ સારી રીતે સામનો કરવા માટે એક યોજના તૈયાર કરી છે અને આગામી કેટલાક વર્ષોમાં અમે આ સંદર્ભમાં ''શૂન્ય જાનહાનિ'' સુનિશ્ચિત કરી શકીશું. અમારો અભિગમ અને નીતિ ફક્ત ''પ્રતિક્રિયાશીલ'' બનવાને બદલે આપત્તિઓ સામે ''સક્રિય'' રહી છે. શાહે કહ્યું કે ભારતે આપત્તિ વ્યવસ્થાપનમાં ''વૈશ્વિક નેતા'' તરીકે પોતાનું નામ ઊભું કર્યું છે અને આપત્તિઓ દરમિયાન ''પ્રથમ પ્રતિભાવ આપનાર'' છે, અને તેમણે NDRF ને ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે તૈયાર કરવા કહ્યું હતું. NDRF પાસે દેશભરમાં ૧૬ ઓપરેશનલ બટાલિયનો તૈનાત છે જેમાં લગભગ ૧૮,૦૦૦ કર્મચારીઓ છે. આ કાર્યક્રમ દરમિયાન NDRF ના ડિરેક્ટર જનરલ (DG) પીયૂષ આનંદે જણાવ્યું હતું કે ફોર્સે તેની રચના પછી ૧૨,૦૦૦ થી વધુ કામગીરી હાથ ધરી છે.

# સાયકલ ચલાવી ઇંધણ બચાવવાનો સંદેશ આપતા રાજ્યપાલ

## સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી દેશના અર્થતંત્રને મજબૂત બનાવવા અને ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા રાજ્યપાલનું નાગરિકોને આહવાન



ગાંધીનગર, તા.૧૪

દેશના અર્થતંત્ર અને મુદ્રા સ્થિતિને મજબૂત બનાવવા માટે દરેક નાગરિકે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી કરી ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવામાં પોતાનું યોગદાન આપવું જોઈએ તેવું રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આ અત્યંત આવશ્યક છે. રાજ્યપાલએ નાગરિકોને પ્રધાનમંત્રીના ઇંધણના વપરાશમાં કાપ મૂકવાના આહવાનને સ્વીકારવા ભાવભરી અપીલ કરી હતી.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ઇંધણ બચાવવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા ગુજરાતથી કુરુક્ષેત્ર સુધી ટ્રેનમાં મુસાફરી કરી હતી અને આજે સવારે ૯:૩૦ કલાકે શતાબ્દી એક્સપ્રેસ દ્વારા કુરુક્ષેત્ર રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. રેલવે સ્ટેશન પર નાગરિકો અને ગુરુકુળ પરિવાર દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, રાજ્યપાલ રેલવે સ્ટેશનથી રેલવે રોડ, આર્ય સમાજ માર્કેટ, પેનોરમા ચોક અને બિરલા મંદિર થઈને કુરુક્ષેત્ર યુનિવર્સિટી માર્ગે સાયકલ ચલાવીને ગુરુકુળ પહોંચ્યા હતા. આ સાયકલ યાત્રામાં તેમની સાથે ઓ.એસ.ડી. ડો. રાજેન્દ્ર વિદ્યાલંકાર, ગૌરવ આર્ય સહિત જઅઈ ના ખેલાડીઓ અને આશરે ૨૦૦ જેટલા સાયકલિસ્ટ જોડાયા હતા.

આ પ્રસંગે રાજ્યપાલએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનના આહવાન પર દેશમાં ઈંધણની સ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેમણે રાજ્યમાં આયોજિત કાર્યક્રમો માટે હવાઈ મુસાફરી અને હેલિકોપ્ટરનો ઉપયોગ સદંતર બંધ કર્યો છે. એટલું જ નહીં, તેમણે પોતાના કાફલાને સીમિત કરી દીધો છે. તેમણે વિદ્યાર્થીઓને અપીલ કરી હતી કે ઇંધણ બચાવવાનો આ સંદેશ ઘર-ઘર સુધી પહોંચાડે, જેથી દેશ ફરીથી વિકાસની રાહ પર ઝડપથી આગળ વધી શકે.

રાજ્યપાલએ ઉમેર્યું હતું કે, ગુજરાતની તમામ સ્ટેટ યુનિવર્સિટીઓને પત્ર લખીને અઠવાડિયામાં એક દિવસ 'નો વ્હીકલ ડે' ઉજવવા અને જાહેર પરિવહન, સાયકલ કે ઇલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરવા સૂચના આપી છે. તેમણે નાગરિકોને પણ તેલ સંકટ સામે લડવા અને મહત્તમ બચત કરવા અનુરોધ કર્યો હતો.

ગ્રામ કલ્યાણ કાર્યક્રમનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, ગુજરાતમાં દર અઠવાડિયે તેઓ એક ગામની મુલાકાત લે છે અને ગામની સરકારી શાળામાં જ રાત્રિ રોકાણ કરે છે. આ દરમિયાન ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી અપનાવવા, વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ, સ્વચ્છતા અને સંસ્કારયુક્ત શિક્ષણ માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે, કુરુક્ષેત્ર ગુરુકુળમાં છેલ્લા ૧૦ વર્ષથી ૨૦૦ એકરમાં સફળતાપૂર્વક પ્રાકૃતિક ખેતી થઈ રહી છે. આ જ મોડેલને ગુજરાતમાં અભિયાન બનાવતા આજે ૮.૫૦ લાખ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. પ્રાકૃતિક ખેતી કરતા અનેક ખેડૂતો એક એકર દીઠ વાર્ષિક ૫ થી ૮ લાખ રૂપિયાની બચત કરી રહ્યા છે. આ ઉપરાંત જમીનની ફળદ્રુપતા પણ વધી છે.

આ પ્રસંગે લેડી ગવર્નર મતી દર્શના દેવીજી, ઓ.એસ.ડી. ડો. વિદ્યાલંકાર, ગૌરવ આર્ય, કવિતા ચૌધરી, યોગવીર લાંબા, રામનિવાસ, સમાજસેવી ડો. સંપૂર્ણ સિંહ, સંજીવ આર્ય અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુકુળના વિદ્યાર્થીઓએ 'ભારત માતા કી જય' ના નાદ સાથે રાજ્યપાલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.




# NEET UG પેપર લીક મામલે AAPનું વિરોધ પ્રદર્શન

## ઝાલમૂડી ખવડાવી કહ્યું, વિદ્યાર્થીઓ પાસે હવે આ વેચવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી

રાજકોટ, તા. ૧૪

સમગ્ર દેશમાં નીટની પરીક્ષા ને લઈને જે વિરોધ ઉઠી રહ્યો છે તે ચરમશીમાએ પહોંચ્યો છે . એટલું જ નહીં વિરોધ પક્ષ ભાજપ ઉપર આકરા પ્રહારો પણ કરી રહ્યું છે અને વિવિધ પ્રકારે વિરોધ નોંધવામાં આવી રહ્યો છે. ત્યારે ગઈકાલે રાજકોટ ખાતે આમ આદમી પાર્ટી દ્વારા અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો જેમાં તમામને ઝાલમૂડી ખવડાવી કહ્યું હતું કે હવે વિદ્યાર્થીઓ પાસે આ વેચવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.

ધોરણ ૧૨ સાયન્સ બાદ મેડિકલમાં પ્રવેશ માટેની ગઊઊઝ પરીક્ષાનું પેપર રાજસ્થાનથી ફૂટ્યા બાદ નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા પરીક્ષા રદ કરવામાં આવતા સમગ્ર દેશમાં ૨૨ લાખ જેટલા વિદ્યાર્થીઓમાં ઉહાપો મચી ગયો છે. મેડિકલમાં પ્રવેશ માટેની નીટ જેવી સૌથી મોટી પરીક્ષાનું પેપર પણ જો લીક થતું હોય તો હવે વિદ્યાર્થીઓ પાસે ઝાલમૂડી વેચવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી તેવું કહી પેપર લીકની ઘટનાનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આ દરમિયાન હાય રે ભાજપ, હાય રે ગઝઅ ના નારા લગાવતા કાર્યકર્તાઓની પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.

રાજકોટ આમ આદમી પાર્ટીના વોર્ડ નંબર ૧૧ ના પ્રમુખ દિલીપ વોરાએ જણાવ્યું હતું કે, જે ગઊઊઝ નું પેપર ફૂટી જવાની ઘટના સામે આવી છે વારંવાર આવી ઘટનાઓ સામે આવતી હોય છે તેમ છતાં પણ સરકાર દ્વારા પગલાં લેવામાં આવતા નથી. તેઓ કહે છે કે અમને ગુનેગારોને છોડશું નહીં પરંતુ પકડવામાં પણ નથી આવતા અને છાવરવામાં આવે છે. જે પૈસા લઈ અને પેપર ફોડે છે તે ભાજપ પક્ષનો જ કાર્યકર્તા છે. વધુમાં આરોપ લગાવતા જણાવ્યું હતું કે ગઊઊઝ જેવી મહત્વપૂર્ણ પરીક્ષામાં આ પ્રકારની બેદરકારી હોય તો સમજી શકાય કે સરકારની કેવી દાનત છે. જેથી હું સરકારને વિનંતી કરું છું કે આ વિદ્યાર્થીઓ સાથે આ પ્રકારનો અન્યાય ન કરો. તમે મહત્વની વસ્તુ છે તેના ઉપર ધ્યાન આપો.

ઝાલમૂડી વેચવાનું કારણ એ છે કે હવે વિદ્યાર્થીઓને શું કરવાનું ? ગઊઊઝ જેવી મહત્વની પરીક્ષાનું પેપર ફૂટી જતુ હોય તો વિદ્યાર્થીઓ પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો નથી કારણકે વિદ્યાર્થીઓએ તૈયારી પાછળ પોતાની અડધી જિંદગી ખરાબ કરી નાખી હોય. તમે વિચારો તેઓને માનસિક હાલત કેવી હોય. હવે એ બીજો ધંધો શું કરશે? હવે આટલું બધું એજ્યુકેશન જેની પાસે હોય તો તે ધંધો તો કંઈ કરી શકવાનો નથી. જેથી બજારમાં બેસીને મમરા વેચવા સિવાય તેની પાસે કોઈ વિકલ્પ રહેતો નથી કારણકે તે આર્થિક રીતે પણ ભાંગી પડ્યા હોય અને સરકારને કંઈ પડી નથી અને લોકો પણ મન ફાવે તેમ મત આપી દે છે તો આવા નેતાઓ આવવાના. એજ્યુકેટેડ નેતાઓ હોય, એજ્યુકેટેડ લોકો હોય તો એજ્યુકેશન વિશે વિચારે. હવે તો કાંઈ વિચારતા જ ન હોય તો પછી મમરા વેચો અને મમરાનું નામ મોદી સાહેબે સારું આપ્યું છે - ઝાલમૂડી. આપણે ગુજરાતમાં મમરા કહેવાય તેને બંગાળમાં ઝાલમૂડી કીધું. ખાઓ, વેચો અને મજા કરો.




# રાજકોટ ઇન્કમટેક્સની I&CI વિંગનો સર્વે

## બદલી - બઢતીનો ઘાણવો ઉતરતા જ સર્ચ ઓપરેશનનો થશે ધમધમાટ

**રાજકોટ-જામનગરમાં આવેલા અર્જુન જ્વેલર્સ પર બે દિવસથી સર્વે**

રાજકોટ, તા. ૧૪

માર્ચ મહિનો પૂર્ણ થયો ત્યારબાદ સૂત્રોએ જણાવ્યું હતું કે આવકવેરા વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓની સામૂહિક બદલીનો ઘાણવો ઉતરશે પરંતુ કોઈક કારણસર બદલીઓ સમયસર થઈ શકી ન હતી ત્યારે આવકવેરા વિભાગના સૂત્રો દ્વારા હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો રાજકોટ ખાતે ઈન્કમટેક્સની ઈન્ટેલિજન્સ એન્ડ ક્રિમિનલ ઓફેન્સ વિભાગ દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે હાલ નામની કોઈ સ્પષ્ટતા વિભાગ દ્વારા કરવામાં આવી નથી. પરંતુ હાલ જે સર્વે ચાલી રહ્યો છે તેનાથી અનેકવિધ રાજકોટના ક્ષેત્રોમાં ફફડાટ પણ મચી ગયો છે. પરંતુ આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર જે મોટા સર્ચ ઓપરેશન આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા હોય છે તે જૂન એન્ડ બાદ શરૂ કરાશે.

હાલ મે મહિનાના અંત સુધીમાં આવકવેરા વિભાગમાં બદલી અને બઢતીનો દોર જોવા મળશે હાલ તખતો ઘડાઈ ગયો છે ગમે તે ઘડીએ સેન્ટ્રલ બોર્ડ ઑફ ડાયરેક્ટ દ્વારા આ બદલીઓ કરવામાં આવે તો નવાઈ નહીં પરંતુ ચાલુ માસના અંત સુધીમાં બદલી થશે તે નક્કી થઈ ચૂક્યું છે. અને નવા અધિકારીઓ આવતાની સાથે જ જૂન મહિના બાદ સરચ ઓપરેશન હાથ ધરવામાં આવશે તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું. ગત નાણાકીય વર્ષમાં રાજકોટ આવકવેરા વિભાગ દ્વારા એવું કોઈ મોટું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું નથી જે અંગે પણ અનેકવિધ પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે ત્યારે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા આપવામાં આવેલા ટાર્ગેટને પહોંચી વળવા માટે મોટા સરચ ઓપરેશન તેનું મહત્વનો ભાગ ભજવતા હોય છે ત્યારે રાજકોટમાં પણ આવનારા સમયમાં સર્ચ ઓપરેશન હાથ ધરાય તેવું જણાઈ રહ્યું છે.

આવકવેરા વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ રિયલ એસ્ટેટ સહિતના ક્ષેત્રોના જે સંચાલકો છે તેમના પર હાલ માર્કર મુકવામાં આવ્યા છે અગાઉ પણ સરચ ઓપરેશન માટે ની તૈયારીઓ કરી લેવામાં આવી હતી પરંતુ કોઈ પણ કારણ સબબ તે ઓપરેશન શક્ય બન્યું ન હતું. ત્યારે ચાલુ નાણાકીય વર્ષમાં રાજકોટ વિંગ દ્વારા બે થી ત્રણ મોટા ઓપરેશન પાર પાડવામાં આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે. રાજકોટ ઇન્વેસ્ટીગેશન વિંગના વડા ની પણ બદલી થાય તેવા સંજોગો જોવા મળી રહ્યા છે અને જો આ વાત સાચી સાબિત થાય તો જુલાઈ મહિનામાં પણ રાજકોટ વિન્ડ દ્વારા દરોડો પાડવામાં નહીં આવે તેવું પણ સૂત્રોએ જણાવ્યું હતું.



Admissions Open 2026-27

QS WORLD UNIVERSITY RANKINGS
No. 1 Private University In Gujarat
For Computer Science and Information Systems

nirf NATIONAL INSTITUTIONAL RANKING FRAMEWORK
Top 150 University in India
Pharmacy in Top 125 and Engineering in the Top 300

250+ Students Placed at ₹7.00 LPA+

200+ MNCs | 500+ Companies | 1,000+ Successfully Placed In 2025-26



MAKE YOUR MARK
Engineering | Management | Pharmacy | Physiotherapy | Computer Applications | Arts | Law | Science | Diploma | Nursing
89800 30090 | Rajkot - Morbi Highway, Rajkot, Gujarat, India 360003 | www.marwadiuniversity.ac.in
Marwadi University
Marwadi Chandarana Group

રાજકોટ મિરર તંત્રીની કલમે

# વર્દીવાલા ખુદ ગુંડા

## હેડ કોન્સ્ટેબલ હવસખોરઃ તંત્રનું શુદ્ધિકરણ કરવું જરરૂરી




રાજકોટના ટ્રાફિક હેડ કોન્સ્ટેબલ ઈમરાન વિરુદ્ધ એક સામાન્ય મહિલાને ફસાવીને અનેકવાર દુષ્કર્મ કર્યાની ફરિયાદ નોંધાતા ખાખી કપડું ફરી એકવાર શર્મશાર થયું છે. જેમના પર નાગરિકોની રક્ષા કરવાની પવિત્ર જવાબદારી છે, એ ખુદ રક્ષકને બદલે રાક્ષસ બને તે રાજકોટ માટે અત્યંત ભયાવહ અને શરમજનક સ્થિતિ છે. આ અગાઉ પણ નશા સહિતના અનેક ગંભીર ગુનાઓમાં પોલીસ કર્મચારીઓના નામ ઉછળ્યા છે, જે પોલીસ દળની શિસ્ત પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકે છે. ઈમરાને કુલ ૨૧ યુવતીઓને પોતાની હવસનો શિકાર બનાવી હોવાનો ફરિયાદમાં સ્પષ્ટ ઉલ્લેખ છે, જે બાબત હચમચાવી નાખનારી છે.

સવાલ એ ઊભો થાય છે કે આ કર્મચારી લાંબા સમયથી ગુંડાગીરી કરતો હતો, છતાં પણ ઉચ્ચ અધિકારીઓને તેની ગંધ કેમ ન આવી? શું તંત્રએ જાણીજોઈને આંખ આડા કાન કર્યા હતા? આટલી મોટી સંખ્યામાં યુવતીઓ શિકાર બની રહી હોય અને પોલીસ બેડામાં તેની કોઈને જાણ ન થાય તે વહીવટી તંત્રની ઘોર નિષ્ફળતા છે. આ હવસખોર કર્મચારીએ પીડિતા પર ધર્મ પરિવર્તન માટે પણ દબાણ કર્યાનો ગંભીર આરોપ છે.ભાજપના શાસનમાં આવા તત્વો સામે કોઈ વિરોધ કરવાનું સાહસ નથી કરતું, તે લોકશાહી અને સુરક્ષા વ્યવસ્થા માટે ચિંતાનો વિષય છે.

રાજકોટ પોલીસ કમિશનર ગુનાખોરી નાબૂદ કરવાની મોટી વાતો કરે છે, પણ જ્યારે વર્દીવાલા ખુદ ગુંડા બની જાય ત્યારે તેમનું નિયંત્રણ ક્યાં જાય છે? જ્યારે કાયદાના રક્ષકો જ ગુનાહિત માનસ ધરાવતા હોય, ત્યારે સામાન્ય જનતા કોના પર ભરોસો રાખે? રાજકોટમાં હવે પોલીસ તંત્રનું ઉપરથી નીચે સુધી સંપૂર્ણ શુદ્ધિકરણ કરવું અનિવાર્ય બન્યું છે. માત્ર ઉપરછલ્લી તપાસ કે સસ્પેન્શનથી કામ નહીં ચાલે, આવા તત્વોને કાયમી ધોરણે બહારનો રસ્તો દેખાડવો જરૂરી છે.

જો રક્ષકો જ ભક્ષક બનશે તો સમાજમાં અરાજકતા ફેલાશે. પોલીસ વિભાગમાં રહેલા આવા ગુંડા તત્વો સામે કડક કાયદાકીય કાર્યવાહી કરીને દાખલો બેસાડવો જોઈએ. જનતાના વિશ્વાસને પુનઃ સ્થાપિત કરવા માટે તંત્રએ આત્મમંથન કરી સફાઈ અભિયાન હાથ ધરવું જ પડશે. ખાખીનું માન જાળવવા અને શહેરની દીકરીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શાસકો અને ઉચ્ચ અધિકારીઓએ કઠોર નિર્ણય લેવાની જરૂર છે. તંત્રની પારદર્શિતા અને નૈતિકતા જ હવે શહેરની શાંતિને બચાવી શકશે.

# લાલ કિલ્લા વિસ્ફોટ કેસમાં ૭૫૦૦ પાનાની ચાર્જશીટ

## NIA ચાર્જશીટમાં ૧૦ આરોપીઓના નામ છે, જેમાં ઘણા ડોકટરો અને વ્યાવસાયિકોનો સમાવેશ



નવીદિલ્હી, તા. ૧૪

૧૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા એક ઉચ્ચ-તીવ્રતાવાળા કાર બોમ્બ વિસ્ફોટમાં ૧૧ લોકો માર્યા ગયા હતા અને ઘણા લોકો ઘાયલ થયા હતા. રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ વિસ્ફોટ કેસમાં ૧૦ આરોપીઓ વિરુદ્ધ ૭,૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી છે. NIA ચાર્જશીટમાં ૧૦ આરોપીઓના નામ છે, જેમાં ઘણા ડોકટરો અને વ્યાવસાયિકોનો સમાવેશ થાય છે. એજન્સીએ દિલ્હી પોલીસ પાસેથી તપાસ સંભાળી હતી. તપાસ દરમિયાન, પુલવામાના રહેવાસી ડો. ઉમર ઉન નબીને સમગ્ર મોડ્યુલના માસ્ટરમાઇન્ડ તરીકે ઓળખવામાં આવ્યો હતો. તે વિસ્ફોટમાં માર્યો ગયો હતો, અને આરોપી ડો. ઉમર ઉન નબીની ઓળખ DNA ફિંગરપ્રિન્ટિંગ દ્વારા કરવામાં આવી હતી. તપાસ જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત સુધી ફેલાયેલી હતી. ચાર્જશીટમાં ૫૮૮ સાક્ષીઓ, ૩૯૫ દસ્તાવેજો અને ૨૦૦ થી વધુ પુરાવાઓનો સમાવેશ થાય છે.

આ કેસમાં તમામ આરોપીઓ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન (AGuH) અને ભારતીય ઉપખંડમાં અલ-કાયદા (AQIS) સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. NIA ના જણાવ્યા અનુસાર, આરોપીઓએ “”ઓપરેશન હેવનલી હિંદ”” ચલાવ્યું હતું, જેનો હેતુ ભારતમાં શરિયા શાસન સ્થાપિત કરવાનો હતો. તપાસમાં જાણવા મળ્યું કે વિસ્ફોટમાં વપરાતો વિસ્ફોટક ટ્રાયએસીટોન ટ્રાઈપેરોક્સાઇડ (TATP) હતો, જે આરોપીઓએ જરૂરી સામગ્રી મેળવીને અને અસંખ્ય પ્રયોગો કર્યા પછી ગુપ્ત રીતે તૈયાર કર્યો હતો. એજન્સીના જણાવ્યા અનુસાર, આરોપીઓએ રોકેટ અને ડ્રોનથી લોન્ચ થયેલા IEDનો પણ પ્રયોગ કર્યો હતો, જેનો હેતુ જમ્મુ અને કાશ્મીર અને દેશના અન્ય ભાગોમાં સુરક્ષા સ્થાપનોને નિશાન બનાવવાનો હતો. NIA ની તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે આરોપીઓ AK-47 રાઇફલ્સ, ક્રિંકોવ રાઇફલ્સ અને જીવંત દારૂગોળો સાથે દેશી બનાવટની પિસ્તોલ સહિત પ્રતિબંધિત શસ્ત્રોની ગેરકાયદેસર ખરીદીમાં સામેલ હતા.તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે, ગુનાના સ્થળ ઉપરાંત, આરોપીઓ દ્વારા ઓળખાયેલા અનેક સ્થળોએ ફોરેન્સિક તપાસ, અવાજ વિશ્લેષણ અને અન્ય તકનીકી પરીક્ષણો કરવામાં આવ્યા હતા, જેમાં અલ ફલાહ યુનિવર્સિટી, ફરીદાબાદ અને જમ્મુ અને કાશ્મીરના અનેક સ્થળોનો સમાવેશ થાય છે. તપાસમાં એ પણ જાણવા મળ્યું કે આરોપીઓએ ખખઘ એનોડ, ઇલેક્ટ્રિક સર્કિટ અને સ્વિચ જેવા વિશિષ્ટ લેબ સાધનો ઓનલાઈન અને ઓફલાઈન ચેનલો દ્વારા ખરીદ્યા હતા.

# શુભમ નહીં તો NEET પેપર લીકનો માસ્ટરમાઈન્ડ કોણ?

## પ્રશ્નપત્ર રાજસ્થાન કેવી રીતે પહોંચ્યું તે તપાસનો વિષયઃ તપાસમાં એ પણ ખુલાસો થયો છે કે વિકાસ બિવલના પિતા દિનેશ બિવલએ પેપરની હાર્ડ કોપી સ્કેન કરીને પીડીએફ ફાઇલ બનાવી હતી

નવીદિલ્હી, તા. ૧૪

મેડિકલ પ્રવેશ પરીક્ષા, NEET-UG માં પેપર લીકની તપાસ ઝડપથી ચાલી રહી છે. તપાસ એજન્સીઓએ ખુલાસો કર્યો છે કે NEET-UG પેપર યશ યાદવ દ્વારા રાજસ્થાન પહોંચ્યું હતું. સૂત્રો કહે છે કે યશ યાદવની ઓળખ વિકાસ બિવલ તરીકે થઈ હતી. જોકે, શુભમે આ કેસમાં માસ્ટરમાઇન્ડ હોવાનો ઇનકાર કર્યો છે. વાસ્તવિક પ્રશ્ન એ છે કે પેપર લીકનો વાસ્તવિક સ્ત્રોત કોણ છે અને તેને કોણે ભંડોળ પૂરું પાડ્યું હતું. તપાસમાં એ પણ ખુલાસો થયો છે કે વિકાસ બિવલના પિતા દિનેશ બિવલએ પેપરની હાર્ડ કોપી સ્કેન કરીને પીડીએફ ફાઇલ બનાવી હતી. એવો પણ આરોપ છે કે ત્યારબાદ પેપર સીકરની વિવિધ કોચિંગ સંસ્થાઓમાં અભ્યાસ કરતા ઘણા વિદ્યાર્થીઓને વહેંચવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓએ પૂછપરછ દરમિયાન જણાવ્યું છે કે પેપર મેળવવા માટે તેમની પાસેથી ૨ લાખથી ૫ લાખ રૂપિયા લેવામાં આવ્યા હતા. જોકે, આ કેસમાં ઓળખાયેલ શુભમે સમગ્ર નેટવર્કનો માસ્ટરમાઇન્ડ હોવાનો ઇનકાર કર્યો છે.

તપાસ એજન્સી હવે પેપર લીકના સાચા સ્ત્રોત અને તે કોના સુધી પહોંચ્યો તે શોધવાનો પ્રયાસ કરી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે યશ પોતે પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ ગયો હતો. તે બેચલર ઓફ આયુર્વેદિક મેડિકલ સાયન્સ (BAMS)નો વિદ્યાર્થી છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI) એ આ કેસમાં કોચિંગ ઇન્સ્ટિટ્યૂટના સ્ટાફ અને માલિકોની વ્યાપક પૂછપરછ કરી છે. વિદ્યાર્થીઓ અને ધરપકડ કરાયેલા આરોપીઓના નિવેદનો પણ નોંધવામાં આવી રહ્યા છે. તપાસ હવે પૈસાના ટ્રેલ પર કેન્દ્રિત છે. એજન્સીઓ એ નક્કી કરવાનો પ્રયાસ કરી રહી છે કે પૈસા કોણે મોકલ્યા અને કયા ખાતામાં પહોંચ્યા.

બીજી તરફ, મહારાષ્ટ્રના નાસિકમાંથી પેપર લીક કેસ બહાર આવ્યા બાદ, ત્યાંથી પણ ઘણા મહત્વપૂર્ણ ખુલાસા થઈ રહ્યા છે. પેપર લીક કેસના મુખ્ય આરોપીનો કન્સલ્ટન્સી વ્યવસાય પ્રકાશમાં આવ્યો છે. આરોપી શુભમ ખૈરનાર પજછ એજ્યુકેશન કન્સલ્ટન્સીથ નામની એક એજ્યુકેશન કન્સલ્ટન્સી ચલાવે છે. તેની ઓફિસ પોશ કેનેડા કોર્નર વિસ્તારમાં આવેલી છે.

# ચૂંટણી પછીની હિંસાના કેસમાં મમતા બેનર્જી વકીલ બન્યા

## હાઇકોર્ટમાં થયા હાજરઃ ભવાનીપુર ચૂંટણીના સંદર્ભમાં તેઓ ચૂંટણી અરજી દાખલ કરશે કે નહીં તે અંગે પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે.

નવીદિલ્હી, તા. ૧૪

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનર્જી વકીલના વેશમાં કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યા. ચૂંટણી પછીની હિંસા સંબંધિત પીઆઈએલ કેસમાં તેઓ કોર્ટમાં હાજર થયા. આ કેસની સુનાવણી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સુજોય પાલ દ્વારા કરવામાં આવી રહી છે. ટીએમસી નેતા અને વરિષ્ઠ વકીલ કલ્યાણ બેનર્જીના પુત્ર શિર્ષણ્ય બેનર્જીએ આ અરજી દાખલ કરી હતી. શિર્ષણ્યે ઉત્તરપારાથી ટીએમસીના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. મમતા બેનર્જી આ કેસના સંદર્ભમાં કોર્ટમાં પહોંચ્યા હતા. નોંધનીય છે કે મમતા બેનર્જી પણ વકીલ છે. ભવાનીપુર ચૂંટણીના સંદર્ભમાં તેઓ ચૂંટણી અરજી દાખલ કરશે કે નહીં તે અંગે પણ ચર્ચા શરૂ થઈ ગઈ છે. નોંધનીય છે કે ૨૦૨૧માં નંદીગ્રામમાં તેમની હાર બાદ, મમતા બેનર્જીએ રિટર્નિંગ ઓફિસર સમક્ષ ચૂંટણી અરજી દાખલ કરી હતી.

કલકત્તા હાઈકોર્ટમાં વકીલ તરીકે મમતા બેનર્જીના પાછા ફરવાથી રાજકીય અને કાનૂની વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. એવું જાણવા મળ્યું છે કે આ કેસ બુલડોઝર દ્વારા કરવામાં આવી રહેલા તોડફોડ સામેના વિરોધ સાથે સંબંધિત છે, અને આ સુનાવણીનો વિષય બનવાની અપેક્ષા છે. નવી સરકારની રચના બાદ, ઘણા વિસ્તારોમાં ગેરકાયદેસર દુકાનો અને બાંધકામો તોડી પાડવામાં આવી રહ્યા છે.

આ સંદર્ભમાં હાઇકોર્ટમાં એક પીઆઇએલ દાખલ કરવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સુજોય પોલ અને ન્યાયાધીશ પાર્થસારથી સેનની ડિવિઝન બેન્ચ સમક્ષ તાત્કાલિક સુનાવણીની વિનંતી કરવામાં આવી હતી. વરિષ્ઠ વકીલો વિકાસ રંજન ભટ્ટાચાર્ય અને કલ્યાણ બેનર્જીએ આ કેસમાં દલીલો રજૂ કરી હતી. મમતા બેનર્જી તેમની સાથે કેસના દસ્તાવેજોનું બંડલ લઈને ઉભા હતા. સુનાવણી દરમિયાન કોર્ટરૂમ ભરેલો હતો. પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ટીએમસીના વડા મમતા બેનર્જી વકીલના વેશમાં કલકત્તા હાઇકોર્ટ પહોંચ્યા.

### મમતાએ કયા મુદ્દાઓ ઉઠાવ્યા?

- ચૂંટણી પછીની હિંસા, ટીએમસી કાર્યાલયો પર હુમલા
- લોકોના ઘરે પાછા ન ફરવાનો મુદ્દો
- મહિલાઓ અને બાળકો પ્રત્યે અભદ્ર વર્તન
- માછલી બજાર સહિત અનેક વિસ્તારોમાં બુલડોઝર કાર્યવાહી
- પોલીસની નિષ્ક્રિયતા અને કાયદો અને વ્યવસ્થાના મુદ્દાઓ

## શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## મૂંડક ઉપનિષદમાં કહેવાયેલ પરા અને અપરા વિદ્યા શું છે? જગત ઉત્પત્તિનું કારણ શું છે?



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. બહું સ્વાભાવિક પણે આપણને એમ થાય કે દુનિયા આટલી તેજીથી આગળ વધી રહી છે, અને ત્યારે આપણે આટલું પાછળ એટલે કે વેદ, પુરાણ, ઉપનિષદ, વગેરેનું સેવન કરવાનું, અથવા તો એમાં રહેલું જ્ઞાન પ્રાપ્ત કરવાનું કારણ શું છે? એ જાણવાની શું જરૂર છે? એવું એમાં શું કહ્યું છે? નિત્ય પ્રભાતે સૂર્યોદય પહેલાં જ આ ચિંતનની ધારા આપણને જગાડે છે! અને સદગુરુ કૃપાથી નિતનવા સંદર્ભોથી માત્ર એક વાતનો બોધ આપે છે, કે જાગો !હવે તો જાગો! આપણે સૌ જાણીએ છીએ કે, વિકાસ સાથે સાથે શાંતિ ઘટતી જાય છે, અને એટલે આપણાથી કંઈક તો આડું અવળું થયું જ છે! અને હણાઈ ગયેલી શાંતિ પાછી મેળવવાં કંઈક તો કરવું જ પડશે! સંસારીઓને સૌથી પ્રભાવિત કરતું જો કોઈ પરિબળ હોય તો એ માયા છે, અને આગળનાં મૂંડક ઉપનિષદમાં માથાનાં ખરતાં વાળ જેમ માયા ખરી જાય, અને દુઃખ પણ થાય નહીં, એવાં બ્રહ્મ જ્ઞાનનો બોધ આપવામાં આવ્યો છે, તો ઈશ, કેન, માંડૂકય, અને ચોથું મૂંડક ઉપનિષદના પ્રથમ ખંડ વિશે આજે ચિંતનમાં વાત કરીશું.

મૂંડક ઉપનિષદનાં મુખ્ય ત્રણ ખંડ છે, અને એ ત્રણનાં પાછાં છ પેટા વિભાગ એમ, આ ઉપનિષદમાં કુલ ૬૪ શ્લોક આવેલ છે. મુંડક ઉપનિષદ એક ભારતીય ઉપનિષદ છે, જે જ્ઞાન અને વિજ્ઞાનની કડી રુપ માનવામાં આવે છે, તથા વેદાંત ફિલસૂફીનાં મહત્વપૂર્ણ ગ્રંથોમાંનો એક છે. તેનું ભાષ્ય આદિ શંકરાચાર્ય અને માધવાચાર્ય દ્વારા લખાયું છે, અને શંકર ભાષ્ય નામનાં આ ગ્રંથમાં વેદાંત ફિલસૂફીનાં મહત્વપૂર્ણ સિદ્ધાંતોની વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. આ ગ્રંથ અદ્વૈત એટલે કે એક જ પરમાત્માનાં સત્યનું વેદાંત દ્વારા જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એની પર ભાર મુકે છે. આ ઉપનિષદનો મુખ્ય ઉદ્દેશ્ય આત્મજ્ઞાન અને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનો છે. મુંડક ઉપનિષદ દેવનાગરી એટલે કે સંસ્કૃત ભાષામાં લખાયેલ એક પ્રાચીન વૈદિક લખાણ છે, જે અથર્વવેદમાં અંકિત છે, અને મૂંડક ઉપનિષદ સૌથી વધુ વ્યાપક રીતે અનુવાદિત થયું છે.આ ઉપનિષદને સૌનક ઋષિ અને અંગીરસ ઋષિ વચ્ચેનાં સંવાદ તરીકે રજૂ કરવામાં આવ્યું છે. તે એક કાવ્યાત્મક શ્લોક શૈલીનું ઉપનિષદ છે, જોકે, આ મંત્રોનો ઉપયોગ ધાર્મિક વિધિઓમાં થતો નથી, પરંતુ તેનો ઉપયોગ આધ્યાત્મિક જ્ઞાનનાં ધ્યેય અને ધ્યાન માટે થાય છે.

મૂંડક ઉપનિષદનાં પ્રથમ ખંડમાં કુલ ૯ મંત્રો છે, જે જ્ઞાન અને વિજ્ઞાનનો પાયો નાખે છે. આ ખંડમાં પરા એટલે કે આધ્યાત્મિક અને અપરા એટલે સાંસારિક સાધન સંપત્તિ મેળવવાનાં યજ્ઞ વિદ્યા વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો છે.

તેમાં સૌથી મહત્વનાં અને પ્રસિદ્ધ શ્લોક નીચે મુજબ છે, જે શૌનક દ્વારા પુછવામાં આવેલા મુખ્ય પ્રશ્ન છે.

**શૌનકો હ વૈ મહાશાલોડંગિરસં વિધિવદુપસન્નઃ પપ્રચ્છ મ કસ્મિન્નુ ભગવો વિજ્ઞાતે સર્વમિદં-વિંજ્ઞાતં ભવતીતિ (૩)**

જેનો અર્થ થાય છે, શૌનક કે જે એક મોટા ગૃહસ્થ છે, એમણે વિધિવત રીતે અંગિરસ ઋષિ પાસે જઈને પ્રશ્ન પૂછ્યોઃ નસ્ત્રહે ભગવન! એવું કયું જ્ઞાન છે જેના દ્વારા આ બધું જ જાણી શકાય છે, અને એને જાણ્યા પછી બીજું કઈ જાણવાનું બાકી રહેતું નથી ?સ્ત્રસ્ત્ર ઉપનિષદનાં આ મૂળ પ્રશ્ન પર શૌનક દ્વારા સાચાં જ્ઞાનની શોધ વિશે પૃચ્છા થઈ છે.

આ શ્લોક પરા અને અપરા વિદ્યાનો ભેદ દર્શાવે છે.

તસ્મૈ સ હોવાચ મ દ્વે વિદ્યે વેદિતવ્યે ઈતિ હ સ્મ યદ્બ્રહ્મવિદો વદંતિ પરા ચૈવાપરા ચ ય ૪ય

તત્રાપરા ઋગ્વેદો... અથ પરા યયા તદક્ષરમધિગમ્યતે (૫)

જેનો અર્થ થાય છે, અંગિરસ ઋષિએ કહ્યુંઃ નસ્ત્રબ્રહ્મવિદો એટલે કે જ્ઞાનીઓ કહે છે કે, સાધક એ બે પ્રકારની વિદ્યા જાણવા જેવી છે, પરા સર્વોચ્ચ તત્વને અનુભવવા માટે છે, એટલે કે આધ્યાત્મિક યાત્રા સૂચવે છે, અને નસ્ત્રઅપરાસ્ત્રસ્ત્ર વેદ મુજબ સાંસારિક સામાન્ય વ્યવહાર જ્ઞાનની વાતો. સીધાસાદા શબ્દોમાં કહીએ તો, જે શાસ્ત્રોક્ત જાણકારી છે, એને આપણે અપરા વિદ્યા કહીએ છીએ, જ્યારે જે જ્ઞાન થી બ્રહ્મ એવંમ પરમાત્માની અનુભૂતિ થાય છે એ પરા વિદ્યા છે. વેદ શાસ્ત્ર વગેરે અપરા વિદ્યા છે, જ્યારે જેનાં દ્વારા અવિનાશી પરમાત્માનું અંતિમ દર્શન રુપનસ્ત્રઅક્ષરસ્ત્રસ્ત્ર ને પ્રાપ્ત કરી શકાય તે પપરા વિદ્યાથ છે. અક્ષર એટલે જેનો ક્યારેય નાશ થતો નથી અને જે શાશ્વત છે. અક્ષર એ ઈશ્વરનું શાશ્વત, દિવ્ય અને અપરિવર્તનીય સ્વરૂપ છે. અક્ષર એ ઈશ્વરનું નિરાકાર સ્વરૂપ છે, જે દેશ અને કાળની મર્યાદાથી મુક્ત છે. તે દિવ્યતાનું શુદ્ધ પ્રતીક છે.

પ્રથમ ખંડનાં ૭ માં શ્લોકમાં જગતનું કારણ બતાવતા ઋષિ કહે છે,

યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ... તથાડક્ષરાત્ સંભવતીહ વિશ્વમ્ (૭)

એનો અર્થ થાય કે જેમ કરોળિયો પોતે જ તાર ઉત્પન્ન કરે છે, અને પાછા ખેંચી લે છે, જેમ પૃથ્વી પર ઔષધિઓ ઉગે છે, જેમ મનુષ્યના શરીરમાં વાળ ઉગે છે, તેમ જ આ અવિનાશી પરમાત્મામાંથી આ સમગ્ર વિશ્વ ઉત્પન્ન થાય છે. આ શ્લોક બ્રહ્મ કે પરમાત્માની સૃષ્ટિનું ઉત્પત્તિ સ્થાન સમજાવે છે.

પરમાત્માની સર્વજ્ઞતા એટલે કે વ્યાપકતાની પુષ્ટિ કરતો આ શ્લોક છે.

યઃ સર્વજ્ઞઃ સર્વવિદ્યસ્ય જ્ઞાનમયં તપઃ મ

તસ્માદેતદ્બ્રહ્મ નામ રૂપમન્નં ચ જાયતે (૯)

એનો અર્થ થાય છે કે, જે સર્વજ્ઞ છે, અને જેનું તપ જ્ઞાનમય છે, તે પરમાત્મામાંથી બ્રહ્મા, નામ, રૂપ અને અન્ન ઉત્પન્ન થાય છે. આ ખંડનો અંતિમ મંત્ર છે, જે સમજાવે છે કે સૃષ્ટિની રચના કેવી રીતે થઈ.

મૂંડક ઉપનિષદ અથર્વ વેદમાં સ્થિત છે, અને બ્રહ્મા એ પોતાનાં સૌથી મોટાં પુત્ર અથર્વને સૌ પ્રથમ વાર બ્રહ્મ વિદ્યા આપી, અને આમ એ પરંપરા બની. તેમાં જ્ઞાન દ્વારા આધ્યાત્મિક માર્ગ પર પ્રકાશ ફેલાય છે, અને સાધકને જ્ઞાનની સીડીના ઉચ્ચતમ પગથિયાં નસ્ત્રબ્રહ્મવિદ બ્રહ્મૈવ ભવતિસ્ત્રસ્ત્ર ના શિખર પર લઈ જાય છે. આ ઉપનિષદ સંન્યાસી માટેનું છે, કે જેમાં એ ખુદ પોતાના કેશ ઉતરાવે છે, એટલે પોતે જ માયાથી મુક્ત થવું પડે ત્યારે બ્રહ્મ સમજાય! અને આવું જ્ઞાન બ્રહ્મવિદ્યામાં પારંગત અને બ્રહ્મ અનુભવ ધરાવતાં ગુરુ પાસેથી પ્રેરણાત્મક દીક્ષા દ્વારા મેળવી શકાય છે, તે સત્ય આ ઉપનિષદમાં ખૂબ જ સ્પષ્ટ રીતે બહાર આવ્યું છે. દરેક ઉપનિષદ ની જેમ આ ઉપનિષદ પણ શાંતિ મંત્રથી શરું થાય છે! અને સાધકને શાંતિ મેળવવા શું કરવું જોઈએ! એના પાંચ કારણ બતાવે છે. જીવનમાં સારા વિચારો સાંભળવા મળે,સત્ય અને શુભતાનું દર્શન થાય, શરીર અને મન સ્વસ્થ રહે, અને જીવન ધર્મમય બને.આ માટે ઈન્દ્ર શક્તિ અને રક્ષણ આપે,પૂષા જ્ઞાન અને માર્ગદર્શન આપે,ગરુડ દુર્ભાગ્ય અને અવરોધોથી બચાવે,બૃહસ્પતિ બુદ્ધિ અને વિવેક આપેમ દરેક શાંતિ મંત્રમાં ત્રણ વખત શાંતિ બોલાય છે, અને એ રીતે આધિદૈવિક તાપ એટલે કે કુદરતી કે દૈવી અવરોધોથી મુક્તિ કે શાંતિ મળે

આધિભૌતિક તાપ, એટલે કે બહારની દુનિયાના કષ્ટોથી મુક્તિ કે શાંતિ મળે. આધ્યાત્મિક તાપ એટલે કે મન અને આત્માનાં દુઃખો દૂર થાય.આ શાંતિ મંત્ર આપણને શીખવે છે કે, કોઈપણ જ્ઞાન પ્રાપ્ત કરવા પહેલાં મન, શરીર અને વાતાવરણમાં શાંતિ હોવી જોઈએ.

સત્ય સાંભળવા માત્રથી કંઈ થતું નથી, એને સમજવાની આંતરિક તૈયારી જરૂરી છે,

અને આધ્યાત્મિક માર્ગ માટે વિનમ્રતા, સૌનાં આરોગ્ય અને કલ્યાણની પ્રાર્થના નિત્ય કરવી જોઈએ.

લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

## જેની ફરજ અબળાઓનું રક્ષણ કરવાની છે તે જ ખાખીધારીએ હવસખોરી આચરી

# જમાદાર ઈમરાનનો ખોફનાક ચહેરો ઉઘાડો પડ્યોઃ દૂષ્કર્મમાં ધરપકડ

### પરિણીતાના ઘરમાં ઘુસી માર મારી બળાત્કાર ગુજારી ફોટા-વિડીયો લીધાઃ પછી વાયરલ કરવાની ધમકી દઈ દોઢ વર્ષ સીતમ ગુજાર્યોઃ પરિણીતા સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્યુ આચરતો, થુંક પીવડાવતો, માર મારતો અને સતત ધમકાવતોઃ તેની પાંચ વર્ષની દિકરીને પણ ચાળા કર્યાઃ ભયભીત મહિલાએ અંતે પતિને જાણ કરતાં યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી ઝડપી લીધો

રાજકોટ,તા.૧૪

સામાન્ય રીતે લોકોમાં એવી છાપ હોય છે કે ખાખી વર્દી જે પહેરેતા હોય એટલે કે જે પોલીસ હોય તે બીજા લોકોનું રક્ષણ કરતાં હોય છે. ખાસ કરીને મહિલાઓની અબળાની સુરક્ષાની તેની મહત્વની જવાબદારી હોય છે. પરંતુ રાજકોટ શહેરમાં ટ્રાફિક બ્રાંચમાં ફરજ બજાવતાં એક ઈમરાન રાઉમા નામના જમાદારનો ખોફનાક ચહેરો ઉઘાડો પડ્યો છે. આ શખ્સે એક પરિણીતાનો પીછો કરી ઘરમાં ઘુસી માર મારી તેના પર બળાત્કાર ગુજારી લીધો હતો. આ વખતે ફોટા-વિડીયો લઈ બાદમાં તે વાયરલ કરવાની ધમકી આપી સતત દોઢ વર્ષ સુધી અમાનુષી ત્રાસ ગુજાર્યો હતો અને વારંવાર બળાત્કાર, સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય આચર્યુ હતું. તે આ મહિલાને પોતાનું થુંક પીવડાવતો, તાવીજ બાંધતો, ધર્મ પરિવર્તન કરવા પણ દબાણ કરતો હતો!



**ધરાર તાવીજ બાંધતો, ધર્મ પરિવર્તન કરવા દબાણ કરતોઃ ડેરીએથી માણસો આવી ગુપ્ત ભાગે છરીના ઘા મારશે તેવી ધમકી આપતોઃ તેની દિકરીને વેંચી મારવાની પણ ધમકી આપતોઃ ક્યારેક તો કહેતો કે-તારા જેવી બીજી એકવીસને ફસાવવાની છે!!**

ચકચાર જગાવતી અને ખાખીને દાગ લગાવતી આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરમાં કાયદાનો રક્ષક જ ભક્ષક બન્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રાજકોટ શહેર પોલીસમાં ટ્રાફિક બ્રાંચમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા ઈમરાન રાઉમા નામના શખ્સે એક પરિણીતાને હવસખોરીનો શિકાર બનાવી લઈ તેની પાંચ વર્ષની દિકરી સાથે પણ અડપલા કરી લેતાં આ મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો દાખલ કરી તેને સકંજામાં લીધો હતો.

પહેલી વખત પરિણીતાનો પીછો કરી ઘરમાં ઘુસી જઈ બળજબરી આચરી મોબાઈલમાં ફોટા પાડી લીધા બાદ તે વાયરલ કરવાની ધમકી દઈ દોઢ વર્ષથી તે સતત અમાનુષી ત્રાસ ગુજારી શોષણ કરતો હોવાનો આરોપ મુકાયો છે. હાલ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે અને તપાસ શરૂ કરવામાં આવી હતી. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું છે કે મારે સંતાનમાં પાંચ વર્ષની દિકરી છે અને લગ્ન નવ વર્ષ પહેલા થયા છે. દોઢ વર્ષ પહેલા હું મારા માવતરના ઘરે રોકાવા માટે ગઈ હતી ત્યારે નજીકમાં દરજીની દુકાન હોઈ ત્યાં મારુ બ્લાઉઝ સીવડાવવા ગઈ હતી. તે વખતે ત્યાં ઈમરાન હબીબભાઈ રાઉમા પણ હતો. તે વખતે તે રાજકોટ પોલીસમાં હતો અને કોન્સ્ટેબલ હતો. હાલ તે હેડકોન્સ્ટેબલ છે.

એક દિવસ રાતે મારા પિતા અને દિકરી સુતા હતાં અને માતા ગામડે ગયા હોઈ હું દરજીને ત્યાંથી ઘરે આવવા રાતે નીકળી ત્યારે ફળીયામાં પહોંચતા જ ઈમરા મારી પાછળ આવી ગયો હતો અને મને મોઢે ડુચો દઈ બે લાફા મારી દીધા હતાં. તેમજ મારા પેટના ભાગે સીઝેરીયન હોઈ ત્યાં પણ બે પાટા મારી લીધા હતાં. બાદમાં મને નિર્વસ્ત્ર કરી નાંખી મારા નગ્ન ફોટા તેણે મોબાઈલમાં પાડી લઈ મારી મરજી વિરૂધ્ધ બળજબરીની શરીર સંબંધ બાંધી લઈ જો કોઈને આની વાત કરીશ તો તારા ફોટો-વિડીયો વાયરલ કરી નાંખીશ તેવી ધમકી આપી હતી. હું ખુબ ડરી ગઈ હોઈ જેથી મેં આની વાત કોઈને કરી નહોતી. આ ઈમરાન તેના મોબાઈલ પરથી મને ફોન કરી આ વિડિયોના આધારે સતત માનસિક ત્રાસ આપતો હતો. આ વિડીયો મારા સાસરીયા પક્ષમાં મોકલવાની ધમકી આપતો હતો જેથી હું મારા મમ્મીના ઘરેથી મારા ઘરે જતી રહેલ હતી. બીકના લીધે મારા મમ્મીના ઘરે બે દિવસ સુધી ગયેલ ન હતી. મારા પતિ કામ માટે બહાર ગામ જતા આ ઈમરાન મોકો ગોતીને મારા ઘરમાં ઘુસી ગયો અને મારી દિકરીની સામે મારૂ ગળું પકડીને મારી મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધેલ અને મને મારી નાખવાની ધમકી પણ આપી હતી.

તે કહેતો હતો કે ડેરીએથી અમારા માણસો આવશે અને પ્રાઈવેટ પાર્ટ ઉપર છરી મારી દેશે અને તને મારી નાખશે. તેમ કહી તે બીવડાવતો અને અવાર નવાર ઘરે આવી જતો અને મારી દિકરી જે ત્યારે ચાર વર્ષની હતી તે ત્રણ દિવસ પહેલા પાંચ વર્ષની થઈ મારી દિકરીને રમકડા દેખાડવાના બહાને તેની સાથે પણ અડપલા કરી લીધા હતાં. જેથી મારી દિકરી પણ ડરી ગઈ હતી. તે એટલી ડરી ગઈ છે કે મારી સાથે રહેતી નથી અને પાસે પણ આવવા રાજી નથી અને મારી દિકરીને આફ્રિકા વેંચી નાખવાની વાતો પણ ઈમરાને કરેલી હતી. તે આખી દુનિયામાં મને એકલી કરી નાખવાનું કહેતો હતો જેથી મારી પાસે એની પાસે જવા સિવાય કાંઈ રસ્તો જ ન રહે આના માટે ઈમરાન તેના મિત્ર સર્કલમાં સગાવાલાઓમાં આડોસ પાડોશમાં મારું બહુ જ ખરાબ બોલતો હતો અને મારી માતાને પણ ગાળો દીધી હતી.

મારી સાથે સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય કરતો હતો અને હું રડતી તો મને કહેતો કે નાટક બંધ કરી દે અને મને વારંવાર ધર્મ પરિવર્તન કરવા માટે પણ કહેતો અને દબાણ કરતો હતો. એટલુ જ નહિ ઈમરાન મને પરાણે એનુ થુંક પણ પીવડાવતો હતો. કોઈને ન કહેવાય એવુ કાર્ય મારી સાથે કરતો હતો અને મને કહેતો હતો કે તારા જેવી ૨૧ છોકરીઓ હજુ ફસાવાની છે અને એક વખત વી.વી.આઈ.પી બંદોબસ્તમાં સાસણ ખાતે આવવા મને ફોન કરી બળજબરી પુર્વક બોલાવી હતી. ત્યારે તેણે બળજબરીથી ટેક્સી વાહન ડ્રાઈવર સાથે મોકલી મને સાસણ આવવા દબાણ કરતાં હુ બીકના લીધે ટેક્સીમાં બેસી સાસણ ગયેલ અને ત્યા મને બહારથી સારી રીતે રાખતો હતો.

બાદ સાસણમાં રિસોર્ટમા ઈમરાને રૂમ રાખેલ હોય તે રૂમમા મને બહુ માર મારેલ અને ધર્મપરિવર્તન કરાવવા મને તાવીજ પહેરાવવાની કોશીષ કરેલી હતી અને ત્યા પણ મારી સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્યુ આચર્યુ હતું. આજ સુધી આ બધું ચૂપચાપ સહન કરવાનું કારણ એ કે આ ઈમરાન મને એક જ વસ્તુ કહેતો તારાથી કંઈ નહીં થાય તેવુ કહેતો જેથી મને કોઈ દિવસ હિંમત આવી નહી હવે મારા ફોટા વિડિયો વાયરલ કરવાની અને મારૂ અપહરણ કરવાની ધમકી આપીને મને તેની સાથે બોલાવતો અને જ્યાં સુધી એને જવાબ ન આપુ, પ્રેમથી વાત ન કરું ત્યા સુધી મને મુકે નહીં. જેથી હુ તેના ઘરે તેના માતા-પિતાને કહેવા ગયેલ કે તમારો ઈમરાન મને ખુબજ હેરાન કરે છે તો તે વખતે તેઓએ કોઈએ ધ્યાન આપેલ નહી અને ઈમરાને મને પોલીસની વર્ધી પહેરાવીને પણ મારી સાથે ગંદી હરકત કરેલ હતી.

ત્યારબાદ મેં આ ઈમરાનને કીધું તું મને ખુબ હેરાન કરે છે મારી સાથે જે થયું એ મેં બીકના લીધે સહન કરી લીધું પણ મારી પાંચ વર્ષની દિકરી સાથે પણ ઈમરાને શારીરિક અડપલા કરી લીધા હતાં. ઈમરાન સતત મારી આગળ પાછળ ફરતો હતો અને મને મેસેજ કરતો તેમજ હુ જવાબ ન આપતી તો તે મારા મમ્મીના ઘરે કે મારા સાસરીમા કે મિત્ર સર્કલમાં હું જ્યાં જાવ ત્યાં પહોંચી જતો હતો અને મારી સાથે ઝગડો કરતો અને મને અવાર નવાર છરી બતાવી મારી નાખવાની ધમકી આપતો હતો અને મારા કોઈ જગ્યાએ સારા સંબંધ રહેવા દિધેલ નથી અને છેલ્લે ગત માર્ચ મહિનામાં ઈમરાને મારા ઘરે આવી મારી સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી લીધા હતાં. ત્યારે મારી બહેનપણી પણ હાજર હતી. ઈમરાને મારી સાથે કૃત્ય આચરેલ છે ત્યારબાદ આજદિન સુધી મને ધાક ધમકી આપતો હતો. હુ આ ઈમરાનની ધમકીથી ડરી ગયેલી પણ હવે મારા પતિએ મને હિમ્મત આપતા હું ફરિયાદ કરવા પહોંચી હતી.

તેમ વધુમાં ભોગ બનનાર પરિણીતાએ જણાવતાં યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધ્યો છે. એસીપી આર. એસ. બારીયાના જણાવ્યા મુજબ આરોપીને પકડી લેવાયો છે. પોલીસ ઈન્સપેક્ટર સી. એન. દવે અને ટીમે વિશેષ કાર્યવાહી હાથ ધરી હતી.

---

## ગુનેગાર ભલે ગમે ત્યાં ભાગી જાય પોલીસ એક દિવસ તો શોધી જ લે

# હત્યા કરીને ૧૯ વર્ષ સુધી કિશન નેપાળી ભાગતો રહ્યોઃ અંતે ક્રાઈમ બ્રાંચે મુંબઈથી દબોચ્યો

### રાજકોટ ભક્તિનગર પોલીસના ૨૦૦૭ના મર્ડર કેસનો મુખ્ય સુત્રધાર ઓળખ છુપાવીને રહેતો હતો

રાજકોટ,તા.૧૪

ગુનેગાર ગુના આચરી ગમે ત્યાં ભાગી જાય પોલીસ એક દિવસ તો શોધી જ લેતી હોય છે. કાનૂન કે હાથ લંબે હોતે હૈ એ વધુ એક વખત સાબીત થયું છે. શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં ૧૯ વર્ષ પહેલા નોંધાયેલા હત્યાના ગુનામાં નાસતા ફરતાં એક આરોપીને ક્રાઈમ બ્રાંચે નવી મુંબઈથી ઝડપી લીધો છે. એક યુવાનની તેની જ પ્રેમિકાએ બીજા ત્રણ શખ્સો સાથે અપહરણ કરી ક્રુર હત્યા નીપજાવી હતી. જેમાં મહિલા આરોપી ઝડપાઈ ગઈ હતી. પણ મુખ્ય સુત્રધાર નેપાળી શખ્સ સહિતના ભાગી ગયા હતાં. આ નેપાળી શખ્સ ઓળખ છુપાવી નવી મુંબઈમાં ૧૯ વર્ષથી રહેતો હોવાની બાતમીને આધારે રાજકોટ ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લીધો હતો.



વિગતો પર નજર કરીએ તો રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે વર્ષો જૂના મર્ડર કેસના ગુનામાં મહત્વની સફળતા મેળવી છે. વર્ષ ૨૦૦૭માં ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ એક યુવાનની હત્યાના કેસમાં ફરાર આરોપીને નવી મુંબઈના પનવેલ ખાતેથી ઝડપી લેવાયો હતો. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાએ વિગતો આપતાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૦૭માં રાજકોટના ભક્તિનગર વિસ્તારમાં ૨૪ વર્ષીય ભાવેશભાઈ સોલંકી નામના રાજપૂત યુવાનની કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં કુલ ચાર આરોપીઓ સંડોવાયેલા હતા. તપાસમાં સામે આવ્યું હતું કે, મંજુલાબેન નામની મહિલા આરોપી સાથે ભાવેશભાઈને પ્રેમ સંબંધ હતો.

એક રાત્રે ભાવેશભાઈ નશાની હાલતમાં મંજુલાબેનના ઘરે જઈ માથાકૂટ કરી રહ્યા હતા. આ દરમિયાન મંજુલાબેને અન્ય ત્રણ નેપાળી શખ્સો સાથે મળીને ભાવેશભાઈનું અપહરણ કર્યું હતું અને ત્યારબાદ ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેમની હત્યા કરી લાશને વોકળામાં ફેંકી દીધી હતી.

હત્યા બાદ મુખ્ય આરોપી કિશન ઉર્ફે ક્રિષ્ણા બહાદુર ભોજરાજ ચૌધર મુળ નેપાળનો તરત જ નેપાળ ભાગી ગયો હતો. ત્યારબાદ તે ભારત પરત ફર્યો અને નવી મુંબઈના પનવેલ વિસ્તારમાં મજૂરી કામ કરવા લાગ્યો હતો. પોતાની ઓળખ છુપાવવા માટે તે સતત પોતાના ફોન અને લોકેશન બદલતો રહેતો હતો. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપી પર નજર રાખી હતી. પોલીસની ટીમે વેશ પલટો કરીને પનવેલમાં વોચ ગોઠવી હતી અને આખરે ૧૯ વર્ષ બાદ આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી હતી. પીએસઆઈ આર. કે. ગોહિલ અને ટીમ આ આરોપીને શોધવા માટે સક્રિય બની હતી. દરમિયાન એએસઆઈ વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. સુભાષભાઈ ઘોઘારી, તુલસીભાઈ ચુડાસમા અને કોન્સ. સંજયભાઈ ખાખરીયાને મહત્વની બાતમી પરથી મુંબઈ મોકલવામાં આવ્યા હતાં. આ ટીમે વેશપલટો કરી વોચ રાખી હતી. દરમિયાન નવી મુંબઈ પનવેલના રાયગઢ ખાતેથી મકાન નંબર ૩૯૧૮ બી-૩માં રહેતાં મુળ નેપાળના કિશન ખોજીરામ ચૌધરીને પકડી લીધો હતો. તે હાલ તેતાલીસ વર્ષનો છે. ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે આ આ કેસમાં મંજુલાબેન અગાઉ પકડાઈ ચુક્યા હતાં. કિશન ચૌધરીની ધરપકડ બાદ હવે અન્ય બે ફરાર આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે. આરોપી વિરૂધ્ધ અગાઉ અન્ય કોઈ ગુનાહિત ઈતિહાસ નથી, પરંતુ આ ગંભીર હત્યાની ઘટનામાં તેની મુખ્ય ભુમિકા હતી. આ કામગીરી પીઆઈ એમ. આર. ગોંડલીયા, પીઆઈ એમ. એલ. ડામોર, પીઆઈ સી. એચ. જાદવ, પીએસઆઈ આર. કે. ગોહિલ, એએસઆઈ અશોકભાઈ કલાલ, રણજીતસિંહ પઢારીયા, સંજયભાઈ દાફડા, વિજયરાજસિંહ જાડેજા, હેડકોન્સ. સુભાષભાઈ ઘોઘારી, તુલસીભાઈ ચુડાસમા, મુકેશભાઈ સબાડ, કોન્સ. સંજયભાઈ ખાખરીયાએ કરી હતી.

---

# PGVCLમાં ત્રણ એક્ઝિક્યુટિવ ઈજનેરને સુપ્રિ.નું પ્રમોશન

### સુપ્રિન્ટન ઈજનેર તરીકે ભુજના ટી.એન વોરા રાજકોટ સિટીમાં નિમાયા જ્યારે વધુ એક સુપ્રિ. ઈજનેરની અમરેલી બદલી

રાજકોટ, તા. ૧૪

વર્ષાઋતુ શરૂ થાય તે પૂર્વે જ પશ્ચિમ ગુજરાત વીજ કોર્પોરેશન લિમિટેડ માં બદલી તથા બઢતીના ઓડરો થયેલા છે જેમાં એક્ઝિક્યુટિવ ઈજનેરથી સુપ્રિટેન્ડેન્ટ ઈજનેર ના પ્રમોશન ત્રણ અધિકારીઓને આપવામાં આવ્યા છે જેમાં પાલીતાણા ડિવિઝન ઓફિસમાં ફરજ બજાવતા જેસી ગોસ્વામીને ભુજ ખાતે મૂકવામાં આવ્યા છે તો રાજકોટની કોર્પોરેટ ઓફિસમાં ફરજ બજાવતા એચ.એમ ભોજાણીને મોરબી તથા સાવરકુંડલામાં ફરજ બજવતા બી એમ પટેલને પોરબંદર મુકાયા છે.

એવી જ રીતે સુપ્રિટેન્ડેન્ટ ઈજનેરના ટ્રાન્સફર ઓર્ડર પણ થયા છે જેમાં કોર્પોરેટ ઓફિસ ભુજ ખાતે ફરજ બજાવતા ટી.એન વોરાની રાજકોટ શહેરમાં નિયુક્તિ કરવામાં આવી છે તો બીજી તરફ પોરબંદર ખાતે ફરજ બજાવતા સી.સી ડામોરને અમરેલીમાં બદલી કરાઈ છે. હાલ પ્રિમોનસુન કામગીરીને ધ્યાને લઈ તમામ તૈયારીઓ હાલ પૂર્ણ કરવા માં આવી રહ્યું છે જેથી વર્ષાઋતુ દરમિયાન કોઈપણ અનિચ્છનીય ઘટના ન ઘટે અને જો પરિસ્થિતિ વિગત પુરવાર થાય તો તેને પહોંચી વળવા માટે તંત્ર સતર્ક રહે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ હાલ તંત્ર દ્વારા તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે ચોમાસા દરમિયાન કે પ્રકારની કામગીરી પીજીવીસીએલ દ્વારા કરવામાં આવે છે.

---

## મોટે ભાગે રિક્ષાગેંગ મુસાફરોને શિકાર કરે આ વખતે ઉલ્ટુ થયું

# મુસાફરના સ્વાંગમાં બેઠેલા બે લૂંટારાએ રિક્ષાચાલકને છરી બતાવી લૂંટી લીધા



**થોરાળા પોલીસ સુધી ઘટના પહોંચતા સગીર સહિત બે આરોપી પકડી લીધા**

રાજકોટ,તા.૧૪

શહેરના ભાવનગર રોડ પર ફરી એકવાર ગુનાખોરીની ઘટના સામે આવી છે. ધોળે દિવસે પેસેન્જર બનીને રિક્ષામાં બેઠેલા બે શખ્સોએ રિક્ષાચાલકને આંતરી છરી બતાવી રોકડ રકમની લૂંટ ચલાવી હોવાની ફરિયાદ થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસે ગુનો દાખલ કરી એક સગીર સહિત બે શકમંદને પકડી લઈ તપાસ હાથ ધરી હતી. આ બનાવમાં થોરાળા પોલીસે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ગોલિડા ગામે રહેતા અને રિક્ષા ચલાવી પરિવારનું પેટિયું રળતા જયંતિભાઈ તળશીભાઈ માલકીયાની ફરિયાદ પરથી બે અજાણ્યા શખસો સામે લૂંટનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદમાં જણાવાયા મુજબ તળશીભાઈ માલકિયા તા. ૧૨/૦૫ના રોજ પોતાની સીએનજી રિક્ષા લઈને આજીડેમ ચોકડીથી ચુનારાવાડ ચોક તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન સવારના આશરે અગીયારેક વાગ્યે અમુલ સર્કલ પાસે બે અજાણ્યા શખ્સોએ રિક્ષાને હાથનો ઈશારો કરી ઉભી રખાવી હતી. આ બંને પોતાને માર્કેટિંગ યાર્ડ જવું છે તેમ કહી મુસાફર તરીકે બેસી ગયા હતાં. રિક્ષા થોડે દૂર ચાલતા જ પેસેન્જરના સ્વાંગમાં રહેલા લૂંટારૂઓએ અસલી સ્વરૂપ ધારણ કર્યું હતું. રિક્ષાચાલકના જણાવ્યા મુજબ એક શખ્સ જેના કપાળ પર જૂના જખમનું નિશાન હતું, તેણે અચાનક પોતાના નેફામાંથી તીક્ષ્ણ છરી કાઢી ડરાવવાનું શરૂ કર્યું હતું. જ્યારે બીજા શખ્સના જમણા હાથના કાંડા પર અંગ્રેજીમાં ટેટુ હતું. તેણે જયંતિભાઈને તે હલીચલી ન શકે એ રીતે પકડી લીધા હતાં. બાદમાં બંનેએ તારી પાસે જેટલા રૂપિયા હોય તે આપી દે કહેતાં જયંતિભાઈએ પૈસા આપવાની ના પાડતાં બળજરીથી તેના ખિસ્સામાથી ૨૦૧૦૦ની રોકડ લૂંટી લીધી હતી અને બંને ભાગી ગયા હતાં. બાદમાં જયંભિાઈ ગભરાઈ ગયા હોઈ સીધા તેના વતન જતાં રહ્યા હતાં. એ પછી પરિવારજનોને ઘટનાની વાત કરી પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પીઆઈ એસ. પી. સોઢાની રાહબરીમાં હેડકોન્સ. ડી. એચ. વાળા અને સ્ટાફે ગુનો નોંધ્યો હતો. ડી. સ્ટાફ પીએસઆઈ એમ. કે. મહેશ્વરી સહિતના સ્ટાફે બે શકમંદને પકડી લઈ પુછતાછ કરતાં ભેદ ખુલ્યો હતો. જેમાં એક આરોપી સગીર છે.

---

## કાકા કેટલા વાગ્યા? સમય પુછીને લૂંટ ચલાવી હતી

# સિક્યુરીટી ગાર્ડને છરી ઝીંકી ફોન લૂંટનારા હનુમાન મઢીના બે પકડાયા

રાજકોટ,તા.૧૪

કાકા કેટલા વાગ્યા? એમ સમય પુછીને પછી મોબાઈલ ફોનની લૂંટ કરી સિક્યુરીટી ગાર્ડને છરી ઝીંકી ભાગી ગયેલા બે લૂટારાને ક્રાઈમ બ્રાંચે શોધી કાઢ્યા છે. બે દિવસ પહેલા અમીન માર્ગ પર બાંધકામની સાઈટ પર સિક્યુરીટી ગાર્ડ કમલેશભાઈ ડોડીયા પાસે બે શખ્સોએ આવી 'કાકા કેટલા વાગ્યો?' તેમ કહી સમય પુછતાં કમલેશભાઈએ પોતાનો મોબાઈલ ફોન કાઢી તેમાં જોઈને સમય કહ્યો હતો. તે સાથે જ આ શખ્સો તેનો મોબાઈલ ફોન લૂંટીને ભાગ્યા હતાં. કમલેશભાઈએ પીછો કરતાં તેને છરીના ઘા મારીને બંને ભાગી ગયા હતાં.

**ક્રાઈમ બ્રાંચે બંને શખ્સને પકડી મોબાઈલ, છરી, બાઈક કબ્જે કર્યા**

આ ગુનો ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાંખી હનુમાન મઢી પાસે શીવપરામાં રહેતાં બે શખ્સને પકડી લીધા હતાં. શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટના ગુનાનો ભેદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી નાંખી બે શખ્સોને પકડી લઈ બે મોબાઈલ ફોન, પ્લાસ્ટીકના હાથાવાળી છરી અને પ્લેટીના બાઈક કબ્જે કર્યા છે. પોલીસે મઢી પાછળ એરપોર્ટ રોડ પર શીવપરામાં રહેતાં સાહિલ ફિરોઝભાઈ સુમરા અને આર્યન રાજેશભાઈ કાલે ને પકડી લીધા છે. ડીસીબીના હેડકોન્સ. જયદેવસિંહ પરમાર, કૃષ્ણદેવસિંહ ઝાલા, હરસુખભાઈ સબાડ, કિશનભાઈ પાંભર અને મહાવીરસિંહ જાડેજા તથા ગોપાલભાઈ પાટીલની બાતમી પરથી આ કામગીરી થઈ હતી. સાહિલ સત્યાવીસ વર્ષનો અને આર્યન અઢાર વર્ષનો છે.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઈ એમ. આર. ગોંડલીયા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઈ એએન. પરમાર, એસ. વી. ચુડાસમાની રાહબરીમાં જયદેવસિંહ, કૃષ્ણદેવસિંહ, મ્યુરધ્વજસિંહ સહિતે આ કામગીરી કરી હતી. આ બંનેએ વધુ કોઈ ગુના આચર્યા છે કે કેમ? તેની તપાસ થઈ રહી છે.

---


## -: સીવીલ કોર્ટ નોટીસ :-

રાજકોટના મહે. બીજા એડી. સીનીયર સીવીલ જજ સાહેબ શ્રી વી. ડી. મોઢ, સાહેબની કોર્ટમાં દિ.પ.અ.નં.૭૯૮/૨૦૨૬ના અરજદાર મેહુલજતી બળવંતજતી ગોસાઈ, રહે.રાજકોટ વાળા એ ગુજરનાર લીલાબેન બળવંતજતી ગોસાઈની નીચે મુજબની સ્વતંત્ર માલીકીની સ્થાવર મિલકત કે જે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક રાજકોટના સબ ડીસ્ટ્રીકટ રાજકોટના રેવન્યુ સર્વે નં. ૬૧૦ પૈકીની જમીન એકર ૩-૧૫ ગુંઠા રહેણાંકના હેતુ માટેનાં બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળા જમીનના પ્લોટસ કે જે 'દર્શીલ રો હાઉસ' તરીકે ઓળખાય છે તેના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૩૮ થી ૪૨ ના સબ પ્લોટ નં. ૩૮ થી ૪૨/૯ ની જમીન ચો.મી.આ. ૬૦-૦૮ ઉપર આવેલ મકાન કે જેના ટી.પી.સ્કીમ નં. ૨૩ (રાજકોટ), એફ. પી. નં. ૩૯, સીટી સર્વે વોર્ડ નં, ૧૮, સીટી સર્વે નં. ૧૯૩૮/બ/૩૮/૧૦ કે જે ગુજરનાર લીલાબેન બળવંતજતી ગોસાઈની સ્વતંત્ર માલીકીનુ મકાન આવેલ છે તે મિલકતનું ગુજરનારના વારસદાર તરીકે વારસા સર્ટીફીકેટ મેળવવા ઉપરોકત અરજદારે તેમના વકીલ શ્રી જયેશ. એમ. વસોયા(પટેલ), થાનકી પ્રવીણકુમાર શાંતિલાલ મારફતે ઉપરોકત દિ.પ.અ. અત્રેની કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સદરહું અરજી સંબંધે જે કોઈને કોઈ પણ પ્રકારનો વાંધો-તકરાર હોય તો તેમને તા.૨૦/૦૬/૨૦૨૬ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે લેખીત વાંધા સાથે રૂબરૂ હાજર રહેવું. ગેરહાજર રહીએ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
આજ તા.૧૨.૦૫.૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

તૈયાર કરનાર
**(એન.એચ.પંડ્યા)**
આસીસ્ટંટ

કોર્ટનો સિક્કો

હુકમથી
રજીસ્ટ્રાર
**પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ**
રાજકોટ

### સ્લીપર કોચમાં બેસીને મુસાફરો અમદાવાદથી રવાના તો થયા પણ મંજીલ આવતાં પહેલા બસ બની અગનગોળો

# ચોટીલા પાસે અકસ્માત બાદ બસ ભડકોઃ ચારના મોત

## મૃતકોમાં બસ ચાલક જુનાગઢનો યુવાન, અમદાવાદનું મુસ્લિમ દંપતિ સામેલઃ પરિવારોમાં શોકની કાલીમાઃ દસ જેટલા મુસાફરોને દાઝી જતાં, ઈજા થતાં સારવાર અપાઇઃ બાકીનાનો ચમત્કારીક બચાવ













રાજકોટ,તા.૧૪

હાઈવે પર યમરાજાએ ડેરાતંબુ તાણ્યા હોય તેમ ચોટીલા - સાયલા નેશનલ હાઈવે પર સાંગાણી ગામના પાટીયા પાસે રાત્રીના ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં આગળ જઈ રહેલા ડામર ભરેલા ડમ્પરની પાછળ લક્ઝરી સ્લીપર કોચ બસ ધડાકાભેર અથડાઇ જતાં અને બાદમાં આ બસમાં આગ ભભૂકી ઉઠતાં બસના ડ્રાઈવર સહિત ચાર લોકોના આગમાં ભડથું થઈ જતાં કમકમાટી ભર્યા મોત થયા હતા. જ્યારે દસ મુસાફરોને ઈજા થઈ હતી કે દાઝી ગયા હતાં. બાકીનાનો ચમત્કારીક બચાવ થયો હતો. આ ઘટના એટલી ભયંકર હતી કે નજરે નિહાળનારા રીતસર ફફડી ગયા હતાં. મૃતકોમાં અમદાવાદનું એક દંપતિ અને જુનાગઢના બસચાલક સહિતનો સમાવેશ થાય છે.

વિગતો પર નજર કરીએ તો ચોટીલાના સાંગાણી ગામ નજીક મોડી રાતે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જેમાં એક ખાગી બસ અને ટેન્કર વચ્ચે એવી પ્રચંડ ટક્કર થઇ હતી કે અકસ્માત બાદ આખી બસ જાણે અગનગોળો બની ગઇ હતી. આ ભયાનક અકસ્માતમાં ચાર લોકો જીવતા બળી ગયા હતા જેમના મૃતદેહોની ઓળખ કરવી પણ હવે મુશ્કેલ થઇ ગઇ હતી. જો કે મોડેથી ત્રણ મૃતદેહની ઓળખ થઇ હતી. જેમાં એક બસનો ડ્રાઇવર જુનાગઢનો યુવાન હતો અને બે મહિલા-પુરૂષ અમદાવાદના પતિ-પત્નિ હતાં. જેઓ મુસ્લિમ પરિવારના હતાં. જ્યારે ૧૦ જેટલા લોકો ઈજા થઇ હતી કે દાઝી જવાથી સારવાર અપાવાઇ હતી.

અકસ્માત અંગે પ્રાથમિક વિગતો મુજબ ગત મોડી રાત્રે ચોટીલા નજીક આવેલા સાંગાણી ગામના પાટીયા પાસે ડામર ભરેલા ડમ્પરનું ટાયર ફાટવાથી પાછળ આવતી ટ્રાવેલ્સ ટેન્કર સાથે અથડાતા શોર્ટ સર્કિટ થવાના કારણે ટ્રાવેલ્સ બસ કે જે સ્લીપર કોચ હતી તેમાં આગ લાગતા અફડા તફડી મચેલ હતી અને જોત જોતામાં આંગ એ ભયંકર સ્વરૂપ પકડતા દસ જેટલી વ્યક્તિને નાની મોટી ઇજા પહોંચેલ હતી જેઓને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ છે. ગંભીર રીતે દાઝી જવાથી ૪ વ્યક્તિના મૃત્યુ નિપજ્યાં છે. અન્ય મુસાફરોને બચાવી લેવાયા હતા.

આ ગંભીર અકસ્માતની જાણ થતા ચોટીલા પ્રાત અધિકારી એચ. ટી મકવાણા, ચોટીલા પોલીસ સહિતના ઘટના સ્થળે દોડી ગયેલ હતા તાત્કાલિક ચોટીલા-થાન ફાયર ફાઈટર બોલાવી પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. મૃતદેહોને કોથળામાં વીંટાળી ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અને ડીએનએ ટેસ્ટ માટે રાજકોટ મેડીકલ કોલેજ ખાતે ખસેડાયા હતાં. મોડેથી એવુ જાહેર થયું હતું કે મૃતકોમાં એક બસનો ડ્રાઇવર હતો. તેનું નામ સિધ્ધાર્થપરી પ્રભાતપરી ગોસ્વામી હતું. ચોત્રીસ વર્ષનો આ યુવાન જુનાગઢ રહેતો હતો. હતાં. સિધ્ધાર્થપરીના પિતા પ્રભાતપરી ગોસ્વામી હાલ હયાત નથી. તેઓ અગાઉ જુનાગઢમાં પોલીસ જમાદાર તરીકે ફરજ બજાવતાં હતાં. મૃત્યુ પામનાર સિધ્ધાર્થપરી માતાનું ચાર મહિના પહેલા અવસાન થયું હતું. સિધ્ધાર્થપરી તેમના પરિવારના એકના એક આધારસ્તંભ હતાં. તેના ધર્મપત્નિનું નામ શીલ્પાબેન છે. સંતાનમાં ૪ વર્ષની દિકરી અને ૧૬ વર્ષનો દિકરો છે. આ બંને સંતાને પિતાની છત્રછાંયા ગુમાવતાં કાળો કલ્પાંત સર્જાયો હતો.

જ્યારે અન્ય મૃતકોમાં અમદાવાદ વટવાના જબ્બાર અલીભાઇ ખીચુ અને તેના પત્નિ નસીમબેન જબાર ખીચુ હતાં. તેમની ઉમર અડતાલીસ અને પીસ્તાલીસ વર્ષની હતી. તેઓ અમદાવાદ રહેતાં હતાં. નસિમબેનના ભાઇ જેનું શ્વાસની બિમારીથી અવસાન થયું હોઇ તેનું આજે ચાલીસમું હોઇ તેમાં હાજરી આપવા જવા બંને અમદાવાદથી નીકળ્યા હતાં. પણ કોઇને ક્યાં ખબર હતી કે આ બંનેનો જ રસ્તામાં ભોગ લેવાઇ જશે.

વધુ માહિતી અનુસાર ચોટીલાના સાંગણી પાસે સર્જાયેલા આ ગમખ્વાર ગોઝારા અકસ્માતમાં દાઝી ગયેલા-ઈજા પામનારા મુસાફરો પૈકીના ૩ને સારવાર માટે રાજકોટ ખસેડાયા છે. જેમાં જુનાગઢના મેંદરડામાં રહેતી વિધીબેન પ્રવિણભાઇ પટોડીયા (ઉ.વ.૧૮), તાલાલામાં રહેતાં અને ભારતીય સૈન્યમાં ફરજ બજાવતાં નરેન્દ્રભાઇ બેચરભાઇ રાઠોડ (ઉ.વ.૫૦) તથા તાલાલાના સાંગોદરામાં રહેતાં અને ખાનગી બસનું ડ્રાઇવીંગ કરતાં નાગરાજભાઇ બાવનભાઇ રાળા (ઉ.વ.૩૦)નો સમાવેશ થાય છે.

આ ત્રણેય હાથ-પગના ભાગે દાઝી ગયા હોઇ રાજકોટ સિવિલ હોસ્પિટલના બર્ન્સ વોર્ડમાં દાખલ કરાયા હતાં. જ્યારે એક મુસાફર ઓપીડી સારવાર લઇ જતાં રહ્યા હતાં. વિધીબેન પટોડીયા-પટેલ બે ભાઇની એક જ મોટી બહેન છે. તેના પિતા ગેરેજ ચલાવે છે. વિધીબેન જુનાગઢની કોલેજમાં બીસીએનો અભ્યાસ કરે છે. તેણી અમદાવાદ વેકેશનમાં માસીના ઘરે રોકાવા માટે ગઇ હતી. પરત મેંદરડા આવવા તે રાતે અમદાવાદથી મધુરમ્ ટ્રાવેલ્સની સ્લીપર કોચ લક્ઝરી બસમાં બેઠી હતી. તેને નીચેની બર્થ મળી હતી. તેની સાથે તેના જ ગામના એક મહિલા પણ હતાં.

જે અમદાવાદથી મેંદરડા આવવા બસમાં બેઠા હતાં. જેઓ ઉપરની બર્થમાં હતાં. વિધીબેને કહ્યું કે-રાતે અચાનક ધડાકો થયો અને જોરદાર થડકો આવતાં મુસાફરો ગભરાઇને જાગી ગયા હતાં. બસ ભટકાઇ ગઇ હોઇ અચાનક ભડકો થવા માંડતા અમે બધા જીવ બચાવવા માટે દરવાજા તરફ ભાગ્યા હતાં. હું નીચેની બર્થમાં અને દરવાજાથી નજીક હોઉ ઝડપથી બહાર નીકળી ગઇ હતી. જો કે આગને કારણે બંને હાથ અને બંને પગમાં હું દાઝી ગઇ હતી. અમારા ગામના માજીનું શું થયું તે ખબર નથી. જ્યારે તાલાલાના નરેન્દ્રભાઇ રાઠોડ બંગાળ ખાતે ફૌજી તરીકે ફરજ બજાવે છે. તેઓ રજા પર વતન આવ્યા હોઇ અમદાવાદથી તાલાલા જવા માટે સ્લીપર કોચમાં બેઠા હતાં.

તેમણે કહ્યું હતું કે પાંત્રીસથી વધુ મુસાફરો કદાચ બસમાં હતાં. ઘટના બની ત્યારે હું સુતો હતો. અચાનક ધડાકો થયા બાદ આગ લાગી ગઇ હતી. હું ડ્રાઇવર સીટની બરાબર પાછળ જ હોઉ તરત જ બહાર નીકળી ગયો હતો. બીજા મુસાફરોને બચાવવા પ્રયાસ કર્યો હતો. જ્યારે ત્રીજા વ્યક્તિ નાગરાજભાઇ રાળા ખાનગી બસનું ડ્રાઇવીગ કરે છે. તે બંને પગના તળીયામાં દાઝી ગયા છે. નાગરાજભાઇએ કહ્યું કે-હું મારી બસ લઇને નીકળ્યો ત્યારે આ અકસ્માત સર્જાયો હોઇ જેથી હું મદદ કરવા માટે ગયો હતો. મુસાફરોને બીજા લોકોની મદદથી બસમાંથી બહાર કાઢ્યા હતાં. જેના કારણે હું દાઝી ગયો હતો. અન્ય એક મુસાફરને સામાન્ય ઇજા થઇ હોઇ તે પ્રાથમિક સારવાર લઇ જતાં રહ્યા હતાં. રાજકોટ સારવારમાં ખસેડાયેલા ત્રણેયની નોંધ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ચોટીલા પોલીસને કરાવી હતી. આમ આ ઘટનામાં ચાર પરિવારોએ સ્વજનો ગુમાવ્યા હતાં. બાકીના મુસાફરોનો ચમત્કારીક બચાવ થયો હતો.

### અખબાર કે ન્યુઝ પોર્ટલના ઓઠા હેઠળ ખેલાઇ રહેલા ખંડણીના ખેલનો વધુ એક પર્દાફાશ

# બદનામી કરી ખંડણી માંગીઃ ત્રણને પકડી લેવાયા

## બે ન્યુઝ પોર્ટલના સંચાલક અને એક તેના મળતીયાની ધરપકડ કરી ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ વિગતો આપીઃ એક તો અગાઉ પણ કળા કરી ગયો હતો




રાજકોટ,તા.૧૪

થોડા સમય પહેલા રાજકોટના એક તબિબના ન્યુડ વિડીયો વાયરલ કરી દેવાની ધમકી આપી ખંડણીઓ પડાવનારા કહેવાતા પત્રકારોની ટોળકી સામે ગુનો દાખલ કરી ડીસીબીએ તમામની ધરપકડ કરી હતી. ત્યાં હવે વધુ ત્રણ આવા મિડીયામેનનો પર્દાફાશ થયો છે. જેમાં એક તો અગાઉ ડોક્ટરના કેસમાં પણ બ્લેકમેઈલીંગમાં ઝડપાયો હતો. મિડીયાના ઓઠા તળે બ્લેકમેઈલીંગ કરનારા સામે શરૂ થયેલી પોલીસની આકરી ઝુંબેશના ભાગ રૂપે વધુ બે ન્યુઝ પોર્ટલના સંચાલક સામે ગુનો નોંધી આ બંને તથા તેના વતી ખંડણી માંગનારા સહિત ૩ની ધરપકડ ક્રાઇમ બ્રાંચે કરી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેર ભાજપના પૂર્વ મંત્રીને બદનામ કરી ખંડણી માંગવાના ગુનામાં ભારત હેડલાઈન અને રાજકોટ લાઈવ ન્યુઝના સંચાલકો વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધી કાર્યવાહી કરવામાં આવી છે. ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ આ અંગેની વિગતો આપી હતી. આ બનાવમાં ડીસીબી પોલીસે નિર્મલા રોડ બાલમુકુન્દ પ્લોટમાં રહેતાં અન કેબલ કનેકશનનો ધંધો કરતાં વિજયભાઇ માધવજીભાઇ પાડલીયાની ફરિયાદ પરથી ભારત હેડલાઇનવાળા અમિત ઠક્કર, રાજકોટ લાઇવ ન્યુઝના ભાર્ગવ હરિશ્ચંદ્રભાઇ આચાર્ય અને યોગીરાજસિંહ વિજયસિંહ રાઠોડ વિરૂધ્ધ ગુનો નોંધી ત્રણેયની ધરપકડ કરી લીધી હતી. વિજયભાઈ પાડલીયાએ નોંધાવેલી વિગતો મુજબ, રાજકોટના જલારામ-૨ વિસ્તારમાં તેમણે પોતાની પુત્રી માટે એસીપી હોસ્પિટલ બનાવેલી છે.

આ બાંધકામ ગેરકાયદે હોવાનું જણાવી ભારત હેડલાઈનના સંચાલક અમિત ઠક્કર અને રાજકોટ લાઈવ ન્યૂઝના ભાર્ગવ આચાર્યએ ગત ઓક્ટોબર ૨૦૨૫થી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી અલગ-અલગ તારીખોએ ફરિયાદી વિરૂધ્ધ પાયાવિહોણા અને બદનક્ષીભર્યા સમાચાર પ્રસિદ્ધ કર્યા હતા. ફરિયાદમાં જણાવાયું છે કે આરોપીઓએ સોશિયલ મીડિયા અને ન્યૂઝ પોર્ટલમાં પુર્વ મુખ્યમંત્રીના ઘર નજીક ભાજપ નેતાનું કારસ્તાન અને ડેન્ટલ ક્લિનિકમાં ગેરકાયદે બાંધકામ જેવા હેડિંગ હેઠળ લેખો છાપી વિજયભાઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડ્યું હતું.

આ ઉપરાંત, આરોપીઓએ ફરિયાદી પાસેથી નાણાંની માંગણી કરી માનસિક રીતે પરેશાન કર્યા હોવાનો પણ આક્ષેપ છે. વારંવારની હેરાનગતિથી કંટાળીને અંતે વિજયભાઈએ પુરાવાઓ સાથે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. પોલીસે આ મામલે ત્રણેય વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી ત્રેણયની ધરપકડ કરી છે. ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે અમિત ઠક્કરે હોસ્પિટલના બાંધકામ અંગે ન્યૂઝ ન છાપવા માટે ૩ લાખની ખંડણી માંગી હતી.

તેમજ રાજકોટ લાઈવ ન્યૂઝ સાથે સંકળાયેલા ભાર્ગવ આચાર્યએ ૫૦,૦૦૦ની માંગણી કરી હતી. જ્યારે યોગીરાજસિંહ રાઠોડ આ બંને વતી ૫૦ હજાર રૂપિયા માંગવા વિજયભાઇ પાસે ગયો હતો. ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, મુખ્ય આરોપી અમિત ઠક્કર અગાઉ પણ આવા અનેક ગુનાઓમાં સંડોવાયેલો છે. તેની સામે અગાઉ રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક ડોક્ટરના ન્યૂડ વિડિયો રેકોર્ડ કરી બ્લેકમેલ કરવાનો ગંભીર ગુનો પણ નોંધાયેલો છે. તેમણે અપીલ કરી છે કે કોઈપણ વ્યક્તિ જો આવા તત્વોનો શિકાર બની હોય તો નિડર થઈને પોલીસનો સંપર્ક કરે. અગાઉ પણ કહેવાતા પત્રકારોએ આચરેલા ખંડણીના ખેલનો પર્દાફાશ થયો હતો.

### જામનગર રોડ પર બનેલી ઘટનામાં વધુ એક ભોગ લેવાયો

# હિટ એન્ડ રનમાં મોટી બહેન પછી નાની બહેનનો પણ જીવ ગયો

## નાના મવા ભીમનગરના પરિવારે બે દિવસમાં બે દિકરી ગુમાવી

રાજકોટઃ હિટ એન્ડ રનની ઘટનામાં પંદર વર્ષની મોટી બહેન પછી દસ વર્ષની નાની બહેનનું પણ મોત થતાં ભીમનગરના પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. જામનગર રોડ પર બનેલી હિટ એન્ડ રનની ઘટનામાં નાના મવા ભીમનગરની પંદર અને દસ વર્ષની બે બહેનો ટુવ્હીલર સહિત ખાનગી બસની ઠોકરે ચડી ગઇ હતી. પંદર વર્ષની બહેનનું મૃત્યુ થયા બાદ આજે દસ વર્ષની બહેને પણ દમ તોડી દેતાં પરિવારમાં શોક વ્યાપી ગયો છે.નાના મવા ભીમનગરમાં રહેતાં નીશાબેન દિનેશભાઇ વાઘેલા નામના મહિલાના પતિ દિનેશભાઇ હયાત ન હોઇ પોતે પારકા કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.

મંગળવારની રાતે નીશાબેનને સંતાનમાં ત્રણ દિકરીઓ દર્શના (ઉ.વ.૧૮), તન્વી (ઉ.વ.૧૫) અને કાવ્યા (ઉ.વ.૧૦) છે. નાની દિકરીઓએ ગત રાતે બહાર હોટલમાં જમવા જવાની ઇચ્છા વ્યક્ત કરતાં નીશાબેને હા પાડી હતી. બધાએ જામનગર રોડ પર આવેલી જલારામ હોટલ પાસે જમવા જવાનું નક્કી કર્યુ હતું. આ દરમિયાન નીશાબેન અને મોટી દિકરી દર્શના રિક્ષામાં બેઠા હતાં. જ્યારે નાની દિકરી તન્વીએ પોતે અને તેનાથી નાની કાવ્યા ટુવ્હીલર પર આવશે તેવું કહ્યું હતું. આ રીતે બધા ભીમનગરથી જામનગર રોડ જલારામ હોટલ નજીક પહોંચ્યા હતાં. પણ તન્વી અને કાવ્યા જે ટુવ્હીલર પર હતાં તેને એક ખાનગી બસના ચાલકે ઠોકરે લઇ લેતાં બંને બહેનો વાહન સહિત ફંગોળાઇ જતાં ગંભીર ઇજાઓ થઇ હતી. બનાવને પગલે લોકોના ટોળા ભેગા થઇ ગયા હતાં. માતા-મોટી બહેન સહિતના લોકો રિક્ષામાં હોઇ તેઓ દોડી આવ્યા હતાં.

તન્વી અને કાવ્યા બંનેને ગંભીર ઇજા સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં ઇમર્જન્સી વોર્ડમાં સારવાર ચાલુ કરવામાં આવી હતી. પરંતુ મોટી દિકરી તન્વી દિનેશભાઇ વાઘેલા (ઉ.વ.૧૫)નું મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. સારવારમાં રહેલી નાની બહેન કાવ્યા (ઉ.વ.૧૦)નું પણ આજે મૃત્યુ થતાં પરિવાર પર વજ્રઘાત થયો છે. મૃત્યુ પામનાર તન્વીએ આ વર્ષે જ ધોરણ-૧૦ની પરિક્ષા આપી હતી. જો કે તાજેતરમાં જાહેર થયેલા પરિણામમાં તેને નાપાસ જાહેર કરવામાં આવી હતી. સારવાર હેઠળ રહેલી કાવ્યા ધોરણ-૭માં અભ્યાસ કરતી હતી. વાઘેલા પરિવારે બે દિવસમાં બે દિકરી ગુમાવી દેતાં કલ્પાંત સર્જાયો હતો.

# વિંછીયાની સીમમાં રૂરલ LCB ત્રાટકીઃ દારૂની ૧૪૦૪ બોટલ સાથે ૫ ઝડપાયા

રાજકોટ તા ૧૪,

વિંછીયાની સીમ વિસ્તારમાં આવેલી એક વાડીમાં રાત્રિના દારૂના કટિંગ સમયે એલસીબીની ટીમે દરોડો પાડી ૧૪૦૪ બોટલ દારૂ બીયરનો જથ્થા સાથે પાંચ શખ્સોની ધરપકડ કરી હતી. પોલીસની ટીમે વિદેશી દારૂનો મોટો જથ્થો, લક્ઝરી કાર અને મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૧૨,૮૧,૮૭૨નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

જીલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચનાથી પ્રોહિબિશનના ગુન્હાઓ ડામવા માટે કાર્યરત લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે વિંછીયા વિસ્તારમાં એક મોટી સફળતા મેળવી છે. વિંછીયા ગામના સીમ વિસ્તારમાં હિતેષ રતા રોજાસરાની કબજા ભોગવટાવાળી વાડીમાં પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂનો જથ્થો ઉતારવામાં આવી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો.સ્થળ ઉપરથી હ્યુન્ડાઈ ક્રેટા કાર નં. જીજે-૧૮-ઈઈ-૯૪૬૨ સાથે દારૂ-બીયરનું કટિંગ કરતા હિતેષ રતાભ રોજાસરા (રહે. વિંછીયા) , દિલીપ કનુભ ચાવડા (રહે. મોટા માત્રા) , કિશન હકા તલસાણીયા (રહે. વિંછીયા) ,રાહુલ ભાવેશ તલસાણીયા (રહે. વિંછીયા) , વિકાસ હરલાલ બિશ્નોઈ (રહે. રાજસ્થાન)ની ધરપકડ કરી હતી. વાડી અને કારમાંથી વિવિધ બ્રાન્ડની ઇંગ્લિશ દારૂની કુલ ૧૦૨૦ બોટલો કિંમત રૂ.૨,૦૮,૮૭૨ અને ૩૮૪ બીયર ટીન કિંમત રૂ.૪૮,૦૦૦ મળી આવ્યા હતા. આ ઉપરાંત, પોલીસે ૧૦ લાખની કિંમતની કાર અને પાંચ મોબાઈલ ફોન સહીત રૂ.૧૨.૮૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પાંચેય આરોપીઓ વિરુદ્ધ વિંછીયા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬-બી, ૮૧ અને ૯૮(૨) મુજબ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. આ સમગ્ર કેસની વધુ તપાસ પી.આઈ જે.પી.ગોસાઈને સોંપવામાં આવી છે.

જ્યાં ખાધુ ત્યાં જ દગાખોરીઃ બે એક સરખી ઘટનાને પગલે પેઢી સંચાલકો, પોલીસમાં દોડધામ

# શો રૂમ-પેઢીમાંથી કર્મચારીઓ ચોરી ગયા બે કરોડ

## અગીયાર મહિના પહેલા નોકરીમાં રખાયેલી સેલ્સગર્લ એક કરોડ અગીયાર લાખના દાગીના ઉસેડી ગઈઃ અગીયાર દિવસ પહેલા નોકરીએ રખાયેલો શખ્સ આંગડીયા પેઢીના એંસી લાખના દાગીના લઈ ગાયબ

રાજકોટ,તા.૧૪

ચોરીની બે એક સરખી ઘટનાઓ બની છે. બંને કિસ્સામાં જે તે પેઢીના કર્મચારીઓ જ હાથફેરો કરી ગયા હતાં. એક બનાવમાં સેલ્સ ગર્લ તરીકે નોકરી કરતી યુવતિ જ્વેલર્સના શો રૂમમાંથી એક કરોડ અગીયાર લાખના દાગીના ઉસેડી ભાગી જતાં પોલીસે દોડધામ શરૂ કરી હતી. આ યુવતિને અગીયાર મહિના પહેલા નોકરીમાં રાખવામાં આવી હતી. બીજી ઘટનામાં આંગડીયા પેઢીમાં અગીયાર દિવસ પહેલા નોકરીમાં રખાયેલો કર્મચારી આ પેઢીના એંસી લાખ ઉસેડી ભાગી જતાં પેઢી સંચાલકો અને પોલીસ આ ઉઠાવગીરને શોધવા કામે લાગ્યા છે.

વિગતો પર નજર કરીએ તો આ બંને ઘટના અમદાવાદમાં બની છે. પ્રથમ ઘટના જોઈએ તો નિકોલ વિસ્તારમાં આવેલા જાણીતા આભુષણ ગોલ્ડ એન્ડ સિલ્વર શોરૂમમાં છેલ્લા અગીયાર મહિનાથી માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તરીકે ફરજ બજાવતી મહિલા કર્મચારી ૧.૨ કિલોથી વધુના સોનાના દાગીના ચોરીને રફુચક્કર થઈ ગઈ હોવાની ઘટના સામે આવી છે. શોરૂમ માલિકે નોંધાવેલી ફરિયાદ મુજબ, ચોરી થયેલા મુદ્દામાલની કિંમત અંદાજે ૧.૧૧ કરોડથી પણ વધુ થવા જાય છે. નિકોલમાં અનમોલ સર્કલ પાસે ગ્રેવિટી શોપિંગ મોલમાં આવેલા આ શોરૂમના માલિક દર્શનભાઈ જૈને નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ જમવા માટે ઘરે ગયા હતા.

આ દરમિયાન શોરૂમમાં મેનેજર અને અન્ય ૧૯ જેટલા કર્મચારીઓ હાજર હતા. સાંજે પાંચેક વાગ્યે જ્યારે માલિક પરત આવ્યા ત્યારે સ્ટાફે અમુક દાગીના ગાયબ હોવાની જાણ કરી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે સેલ્સગર્લ તરીકે કામ કરતી હર્ષિદાબહેન રાજેન્દ્રભાઈ હટ્ટી કોઈને કહ્યા વગર શોરૂમમાંથી નીકળી ગઈ હતી અને તેનો ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો.



શોરૂમના સીસીટીવી ફૂટેજ ચેક કરતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. વીડિયોમાં હર્ષિદાબહેન પોતાની પાછળ રહેલા કબાટમાંથી સોનાના ઘરેણાં કાઢીને પોતાના કપડાંના ગજવામાં છુપાવતા સ્પષ્ટ દેખાઈ હતી.

ત્યારબાદ તે ઉપરના માળે સ્ટોરરૂમમાં જઈ પોતાની બેગ લઈને શોરૂમની બહાર નીકળી ગઈ હતી. શોરૂમ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલી સ્ટોક વેરિફિકેશનમાં કુલ ૧,૨૧૧.૯૯૧ ગ્રામ સોનું ઓછું મળ્યું હતું. ચોરાયેલા ઘરેણાંમાં સોનાની ચેઈન, વીંટી અને બંગડીઓ, મંગળસૂત્ર અને પેન્ડન્ટ, સોનાની ઘડિયાળ અને અન્ય કિંમતી ઘરેણાં મળી કુલ એક કરોડ અગીયાર લાખથી વધુના દાગીના ચોરીને ફરાર થઈ ગઈ હતી. નિકોલ પોલીસે હર્ષિદાબહેન વિરૂધ્ધ ચોરી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આરોપી મહિલા હાલ ફરાર છે. જેને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તેના સંભવિત રહેઠાણો પર દરોડા પાડવાનું શરૂ કર્યું છે. શોરૂમ જેવી સુરક્ષિત જગ્યાએ આટલી મોટી ચોરી થતા અન્ય વેપારીઓમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો.

બીજી ચોરીની આવી ઘટના અમદાવાદના કાલુપુર વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત આંગડિયા પેઢીમાં બની છે. પેઢીના સંચાલકે માત્ર અગીયાર દિવસ પહેલા જ નોકરી પર રાખેલો યુવક સોના-ચાંદીના કિંમતી દાગીના સહિત કુલ ૮૦.૫૬ લાખ રૂપિયાનો મુદ્દામાલ લઈને રફુચક્કર થઈ ગયો છે. આ મામલે કાલુપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાતા તપાસનો ધમધમાટ શરૂ થયો હતો. મળતી માહિતી અનુસાર રાણીપ વિસ્તારમાં રહેતા અને આંગડિયા પેઢીના સંચાલક અંકિત પારેખે થોડા સમય પહેલા જ જીગરસિંહ વિહોલા નામના યુવકને પાર્સલ ડિલિવરીના કામ માટે નોકરીએ રાખ્યો હતો.

શરૂઆતના દિવસોમાં જીગરસિંહે વ્યવસ્થિત કામ કરીને માલિકનો વિશ્વાસ જીતી લીધો હતો.બાદ ગત છઠ્ઠી મેના રોજ તેને એક મોટી જવાબદારી સોંપવામાં આવી જે તેની દાનત બગાડવાનું કારણ બની હતી. ઘટનાની વિગત એવી છે કે, અલગ-અલગ વેપારીઓના કિંમતી પાર્સલ, જેમાં ભુજના કચ્છી જ્વેલર્સની ચાંદીની પાટો અને અન્ય સોના-ચાંદીના દાગીના સામેલ હતા. આશરે ૮૦.૫૬ લાખ રૂપિયાની કિંમતનો આ મુદ્દામાલ જીગરસિંહને ભુજ પહોંચાડવા માટે આપવામાં આવ્યો હતો. જીગરસિંહ બસમાં રવાના તો થયો, પરંતુ ભુજ સ્ટેશન પર તેને લેવા આવેલા પેઢીના અન્ય કર્મચારીને તે મળ્યો ન હતો.

તેનો મોબાઈલ ફોન પણ સતત સ્વીચ ઓફ આવતા સંચાલકોને શંકા ગઈ હતી. ઘણાં સમય સુધી જીગરસિંહની કોઈ ભાળ ન મળતા આખરે માલિક અંકિત પારેખે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ચોરી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કર્યો છે. આરોપીના રહેઠાણ અને સંભવિત ઠેકાણાઓ પર તપાસ તેજ કરી છે. આંગડિયા પેઢીઓમાં નવા કર્મચારીઓની ભરતી વખતે પોલીસ વેરિફિકેશન કેટલું જરૂરી છે તે આ કિસ્સા પરથી ફરી એકવાર સાબિત થયું હતું.

દોસ્તીમાં દગાખોરીની વધી રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક ચોંકાવનારો બનાવ

# મિત્રને મદદના નામે તેની પત્નિને ફસાવી બળાત્કાર

## દારૂમાં પકડાયેલા દોસ્તને જામીન કરાવી અપાવવાના બહાને તેની પત્નિ પર હવસખોરે નજર બગાડીઃ બિભત્સ ફોટો પાડી બ્લેકમેઈલ કરી દેહ પીંખ્યોઃ પોલીસે કરી ધરપકડ



રાજકોટ,તા.૧૪

દોસ્તીમાં દગાખોરીની ઘટનાઓ હમણા ઘણી બની છે. જેમાં મિત્રની જ પત્નિ સાથે આડાસંબંધને કારણે હત્યાની ત્રણ અલગ અલગ ઘટનાઓ બની છે. દરમિયાન એક દૂષ્કર્મની એવી ઘટના સામે આવી છે જેમાં એક હવસખોરે પોતાના જ મિત્રની પત્નિને બ્લેકમેઈલ કરી તેની સાથે દૂષ્કર્મ આચરી લીધુ હતું. મિત્ર દારૂના કેસમાં જેલમાં ગયા બાદ તેને જામીન પર છોડાવી આપવાની લાલચ આપી હવસખોરે મિત્રની જ પત્નિને ફસાવી હતી અને તેના નગ્ન ફોટા ખેંચી બાદમાં બળાત્કાર ગુજારી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો મુસીબતના સમયે મિત્ર જ કામ આવે છે, પરંતુ સુરતના કાપોદ્રા વિસ્તારમાં એક આરોપીએ મિત્રતાના સંબંધને લાંછન લગાડ્યું છે. દારૂના ગુનામાં પકડાયેલા પતિને જામીન અપાવવાની આડમાં મિત્રએ જ પરિણીતાનું યૌનશોષણ કર્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આરોપીએ પતિને કોર્ટના બહાને બહાર મોકલી પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યું હતું અને ફોટા વાઈરલ કરવાની ધમકી આપી હતી. આ મામલે કાપોદ્રા પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસ સુત્રોએ જણાવેલી વિગતો અનુસાર કાપોદ્રા વિસ્તારમાં રહેતી પાંત્રીસ વર્ષીય પરિણીતાના પતિને ગત ડિસેમ્બર મહિનામાં ઉત્રાણ પોલીસે દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. જેલમાં બંધ પતિને મળવા ગયેલી પત્નિને પતિએ સલાહ આપી હતી કે, જામીન અને વકીલની પ્રક્રિયા માટે અલ્પેશ રૂડાણીનો સંપર્ક કરે. પતિના વિશ્વાસે પરિણીતાએ અન્ય એક મિત્ર પાસેથી અલ્પેશનો નંબર મેળવ્યો અને મદદ માટે તેની મુલાકાત લીધી હતી. અલ્પેશની મધ્યસ્થીથી જાન્યુઆરી મહિનામાં પતિ જેલમાંથી બહાર આવ્યો હતો. પણ કોર્ટની કાયદાકીય કાર્યવાહી હજુ પેન્ડિંગ હતી. દરમિયાન આરોપી અલ્પેશ રૂડાણી દંપતીના ઘરે ડોક્યુમેન્ટ્સ આપવાના બહાને આવ્યો હતો.

તેણે ચાલાકી વાપરી પતિને એવું કહ્યું કે તને વકીલ અત્યારે કોર્ટમાં તાત્કાલિક બોલાવે છે. પતિ જેવો ઘરની બહાર નીકળ્યો કે તરત જ આરોપી અલ્પેશે પરિણીતાની એકલતાનો લાભ ઉઠાવી તેની પર બળાત્કાર ગુજાર્યો હતો. આરોપી આટલેથી જ ન અટકતા, તેણે દુષ્કર્મ દરમિયાન પરિણીતાના ગુપચુપ નગ્ન ફોટા અને વીડિયો ઉતારી લીધા હતા. ત્યારબાદ આ ફોટા સોશિયલ મીડિયા પર વાઈરલ કરવાની અને દંપતીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી બ્લેકમેલિંગ શરૂ કર્યું હતું. સતત ટોર્ચરથી કંટાળેલી પરિણીતાએ હિંમત ભેગી કરી સમગ્ર આપવીતી પોતાના પતિને જણાવી હતી.

પોતાની સાથે થયેલા અન્યાય સામે દંપતીએ કાપોદ્રા પોલીસ મથકનો સંપર્ક કર્યો હતો. પોલીસે અલ્પેશ રૂડાણી વિરૂધ્ધ બળાત્કાર અને ધમકીની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ગુનો નોંધાયા બાદ આરોપી ભૂગર્ભમાં ઉતરી ગયો હતો. કાપોદ્રા પોલીસઆરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. તાજેતરમાં સૌરાષ્ટ્રમાં એવી ઘટનાઓ બની હતી જેમાં મિત્રની જ પત્નિ સાથે મિત્રના આડાસંબંધ શરૂ થઇ ગયા હતાં અને આ કારણે હત્યાઓ થઇ હતી. આવા એક સરખા ત્રણ બનાવ સામે આવ્યા હતાં. ત્યાં હવે મિત્રની પત્નિને બ્લેકમેઈલ કરી તેની સાથે દૂષ્કર્મ ગુજારી લેવાયાની ઘટનાએ ચકચાર જગાવી છે.

મારામારીની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક ચોંકાવનારો બનાવઃ હત્યાનો પ્રયાસ

# વાવડીમાં રૂપિયા માટે યુવાનને માથામાં પથ્થર ફટકાર્યો

## મુળ બિહારનો યુવાન ગંભીર હાલતમાં સારવાર હેઠળઃ બીલાલ નામના તેની સાથે ફરતાં શખ્સી તાલુકા પોલીસ દ્વારા શોધખોળ

રાજકોટ,તા.૧૪

મારામારી હત્યાના પ્રયાસની ઘટનાઓમાં વધુ એક ઉમેરો થયો છે. પૈસા માટે એક શખ્સે બીજાને માથામાં પથ્થર મારી પતાવી દેવાનો પ્રયાસ કરતાં આ યુવાન ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે. શહેરના ગોંડલ રોડ પર આવેલા વાવડી ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં પૈસાની બોલાચાલીમાં એક શ્રમિક યુવાન પર પથ્થર વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી હતી.

લોહીલુહાણ હાલતમાં યુવાનને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યારે હુમલાખોર ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. તેની સામે હત્યાની કોશીશષનો ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ બનાવમાં મુળ બિહારના ભોજપુરના માનસગાર તાબેના ડારીડીહ ગામના વતની અને હાલ વાવડી પરની ફર્નિચર પાછળ ભરતભાઈ પટેલના કારખાનામાં રહી ના કારખાનામાં રહી મજૂરી કરતાં છવ્વીસ વર્ષના પ્રવિણકુમાર અવધકુમાર તિવારીની ફરિયાદ પરથી બીલાલ ભટ્ટી વિરૂધ્ધ હત્યાની કોશિષનો ગુનો દાખલ કરાયો છે.

આ કિસ્સાની ફરિયાદ મુજબ તેમનો મોટો ભાઈ સુધીરકુમાર તિવારી કે જે પાંત્રી સવર્ષનો છે અને જે સ્વાતી પાર્કપાસે આવેલા ખોડલ એન્ટરપ્રાઈઝમાં કામ કરે છે, તેના પર આ હુમલો થયો હતો. બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં વાવડી વિસ્તારમાં મીરા કાસ્ટીંગ રોડ પર સુધીરકુમાર અને બિલાલ ભટ્ટી વચ્ચે રૂપિયાની બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સાક્ષીઓના જણાવ્યા અનુસાર બંને વચ્ચે ઝઘડો વધતા બિલાલ ભટ્ટીએ ઉશ્કેરાઈને જમીન પર પડેલો એક મોટો પથ્થર ઉપાડી સુધીરકુમારના માથામાં ફટકારી દીધો હતો. આને કારણે સુધીરકુમાર બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો હતો.

હુમલો કર્યા બાદ આરોપી બિલાલ ભટ્ટી ત્યાંથી નાસી છૂટયો હતો. નજીકમાં દુકાન ધરાવતા શાકીર શાહ અને અનિશ રાહી નામના વ્યક્તિઓએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી સુધીરને રાજકોટ સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં સારવાર અર્થે દાખલ કર્યો હતો.

આ બંને ઇડા-મટનની દુકાન ચલાવતાં હોઇ તેની દુકાને સુધીરકુમાર અને બીલાલ ભટ્ટી બંને અવાર-નવાર જમવા આવતાં જેની શાકીર અને અનીશ બંનેને ઓળખે છે. ઘટનાની જાણ થતા જ ઈજાગ્રસ્તના ભાઈ પ્રવિણકુમાર અને પરિવારજનો હોસ્પિટલ દોડી આવ્યા હતા. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા ઈન્સ. એસ. આર. મેઘાણીની રાહબરીમાં પીએસઆઈ એમ.એચ. મહારાજ ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ કરી હતી.

પૈસા માટે માણસ કોઈપણ હદ સુધી જઈ શકે, ઘાતકી બની શકે

# પાંચ લાખ માટે ભત્રીજાએ ફુવાનું કાસળ કાઢી નાંખ્યું

## ખૂન કરી રૂપિયા લઈ ભાગી ગયો પણ પોલીસે કલાકોમાં શોધી લીધોઃ બીજી ઘટનામાં બ્રીજ નીચે કાર પાર્ક મામલે ડખ્ખોઃ પ્રૌઢની સરાજાહેર ક્રુર હત્યા



રાજકોટ,તા.૧૪

પૈસા મામલે મારામારી, હત્યાની કોશિષ કે હત્યાની બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક હત્યા થઇ છે. જેમાં એક ભત્રીજાએ પાંચ લાખ રૂપિયા માટે થઇને ફુવાની હત્યા કરી નાંખી હતી. હત્યા કરીને પાંચ લાખ ઘરમાંથી ઉઠાવી આ હત્યારો ભત્રીજો ભાગી ગયો હતો. તેને પોલીસે દબોચી લીધો છે. બીજા બનાવમાં બ્રીજ નીચે કાર પાર્કિંગ મામલે થયેલી માથાકુટમાં એક પ્રૌઢને સરાજાહેર રહેંસી નખાયા હતાં. વચ્ચે પડેલા તેમના બે પુત્રોને પણ છરીના ઘા ઝીંકી દેવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરમાં શીલજમાં આવેલા અવનીશ હાઈટમાંથી આધેડનો હત્યા કરાયેલો મૃતદેહ મળી આવ્યો હતો. જેમાં આધેડને મોઢાના ભાગે ઈજાના નિશાન જોવા મળ્યા હતાં. પોલીસે તપાસ કરતાં હત્યાનો આ ભેદ ખુલ્યો હતો. પૈસા બાબતે ભત્રીજાએ આધેડ ફુવાની હત્યા કરી હોવાનું સામે આવ્યું હતું. સમગ્ર મામલે બોપલ પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો અને ગણતરીના કલાકોમાં આરોપીની અટકાયત કરીને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ શીલજના અવનીશ હાઇટ્સમાંથી મનીષ ચોકસી નામના આધેડનો મૃતદેહ મળ્યો છે. મૃતક આધેડ તેમના ભત્રીજા વ્રજ અને પુત્ર સાથે રહેતા હતા. મૃતક મનીષભાઈ તેમના ભત્રીજા વ્રજને થોડા દિવસ પહેલા પોતાની પાસે રહેવા માટે લાવ્યા હતા.

જેમાં વ્રજ છેલ્લા દસ દિવસથી તેઓની સાથે રહેતો હતો. પણ મનીષભાઈનો મૃતદેહ મળી આવ્યા બાદથી વ્રજ ગુમ થઈ ગયો હતો. ઘરમાંથી આધેડનો મૃતદેહ મળી આવવાના મામલે બોપલ પોલીસે એફએસએલ અને ડોગ સ્ક્વોડની મદદથી હત્યા કેસની તપાસ હાથ ધરી હતી. પોલીસે જણાવ્યું હતું કે મૃતક ફુવાનો મૃતદેહ મળી આવ્યા બાદ ભત્રીજો વ્રજ દેખાયો ન હતો અને તેનો સંપર્ક પણ થઈ શકતો નહોતો. પોલીસે વધુ તપાસ કરતા વ્રજ હત્યા બાદ પાંચ લાખ લઈને ફરાર થયો હોવાનું જણાયું હતું. સમગ્ર મામલે પોલીસે આરોપી વ્રજની ઉદયપુરથી અટકાયત કરી લેવામાં આવી હતી. જે ફુવાએ જેને સાચવ્યો અને ઘરે રહેવા દીધો એ ભત્રીજો જ પૈસા માટે થઈને આ ફુવા માટે કાળ બની ગયો હતો.

હત્યાની બીજી એક ઘટના જોઈએ તો સુરત શહેરના ડીંડોલી અને પાંડેસરા વિસ્તારની સરહદ પર આવેલા ભેસ્તાન આવાસ બ્રિજ નીચે હત્યાની ઘટના બની હતી. વાહન પાર્કિંગ બાબતે પ્લાસ્ટિકના ભંગારનો વેપાર કરતા સતાવનવર્ષીય ઝાકીર પઠાણ પર અસામાજિક તત્વોએ જીવલેણ હુમલો કરી તેમની નિર્મમ હત્યા કરી નાખી હતી. મૃતક ઝાકીરભાઈ ભાટેના રજા નગરના રહેવાસી હતા અને વર્ષોથી પસ્તી અને વેસ્ટ પ્લાસ્ટિકના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. મૃતકના ભત્રીજા સલમાન પઠાણના જણાવ્યા અનુસાર, આ સમગ્ર વિવાદ મંગળવારે બપોરે પાર્કિંગ અને પોટલા મૂકવા જેવી સામાન્ય બાબતથી શરૂ થયો હતો.

વેપારીની ગાડી પાર્ક કરવા બાબતે ત્યાં હાજર અંકિત નેપાલી અને તેના ભાઈ સાથે બોલાચાલી થઈ હતી. જોતજોતામાં આ વિવાદ વકર્યો હતો અને અંકિત નેપાલી તથા તેની સાથે આવેલા અન્ય બારથી પંદર જેટલા શખ્સોએ હથિયારો સાથે વેપારી પર તૂટી પડ્યા હતા. આ ટોળાએ ઝાકીરભાઈ પર તીક્ષ્ણ રેમ્બો ચપ્પુ વડે અનેક ઘા ઝીંક્યા હતા, જેના કારણે તેઓ લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા. જ્યારે હુમલાખોરો ઝાકીરભાઈ પર હુમલો કરી રહ્યા હતા, ત્યારે તેમને બચાવવા માટે તેમના બે પુત્રો વચ્ચે પડ્યા હતા. પરંતુ હુમલાખોરોએ પુત્રોને પણ છોડ્યા ન હતા. બંને પુત્રો પર પણ ચપ્પુથી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં એક પુત્રને હાથમાં ગંભીર ઈજા થઈ હતી. જ્યારે બીજા પુત્રને હાથ અને પગ બંને ભાગે ચપ્પુના ઘા લાગી ગયા હતાં. પિતા ઝાકીરભાઈએ હોસ્પિટલ પહોંચતા પહેલા જ દમ તોડી દીધો હતો. ચોંકાવનારી વિગત એ છે કે આ જ મહિનામાં આ બ્રિજ નીચે આ બીજી હત્યાની ઘટના છે. આ સિવાય છેલ્લા ટૂંકા ગાળામાં ત્રણ જેટલી હત્યાની કોશિષની ઘટનાઓ બની ચુકી છે.

# મનપામાં દરેક પદ માટે ચાર-ચાર નામોની પેનલ

## અન્ય મહાનગરો સાથે જ્ઞાતિનું સંતુલન સાધવા મથામણ: રાજકોટનું મેયર પદ કડવા પટેલને અપાય તેવી ચર્ચાએ પકડ્યું જોર




રાજકોટ, તા. ૧૪

ગઈકાલે સવારના સમયે રાજકોટ મહાનગરપાલિકાના તમામ મુખ્ય હોદ્દાઓ માટે પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં અનેક નામો પર ચર્ચા કરવામાં આવી હતી ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર દરેક હોદ્દા માટે ચાર ચાર નામોની પેનલ બનાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું ત્યારે આ બોર્ડ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખ, ધારાસભ્ય, સાંસદ સભ્ય, રાજકોટ શહેરના પ્રભારી મંત્રી સહિતના ટોચના ભાજપના આગેવાનો હાજર રહ્યા હતા અને નવા પદાધિકારીઓની પસંદગી માટે પોતાના સુજાવો આપ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ જે નામો અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. હાલ જે આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર જે વિગતો મળી રહી છે તેમાં ચાર ચાર કોર્પોરેટરોના નામની પેનલ રજૂ કરવામાં આવી છે એટલું જ નહીં ઘણા મહાનગરો સાથે સરખામણી તથા ત્યાંની પરિસ્થિતિ જોઈને અન્ય નામોમાંથી પણ પસંદગી કરવામાં આવે તો નવાઈ નહીં. બીજી મહત્વની વાત તો એ છે કે હાલ જે પેનલોમાં નામ આવ્યા છે તેમાંથી જ પાર્લામેન્ટરી બોર્ડ હોદ્દેદારો નક્કી કરે તેવું પણ જરૂરી નથી અન્ય નામો પર પણ વિચાર કરવામાં આવી શકે તેમ છે.

રાજકોટના મેયર, ડે.મેયર, સ્ટે.ચેરમેન પદ માટે ચાર-ચાર નામની ભલામણ સ્વીકારવામાં આવી છે. તાજેતરમાં મહિલા અનામત બીલ ભાજપ સરકારે પસાર કરીને ગૌરવ લીધુ હતું. હવે પદાધિકારીઓની નિયુકિતમાં પણ મહિલાઓને વધુ મહત્વ આપવા માટે મુખ્ય પાંચ પૈકી એક નહીં પરંતુ બે હોદ્દા પર મહિલાની નિમણુંક કરવામાં આવે તેવી શકયત પણ વ્યકત થઇ છે. હાલના સાંપ્રત સમયમાં અને જે ચર્ચા જોર પકડ્યું છે તે મુજબ સૌરાષ્ટ્ર કચ્છમાં કડવા પાટીદાર ફેક્ટર બંધબેસતું નથી ત્યારે રાજકોટમાં કડવા પટેલ પુરુષ આગેવાનને મેયર પદનું સુકાન સોંપવામાં આવે તેવી અટકળો તેજ થઈ છે. આમ તો પ્રદેશે નામોની પેનલ લીધા બાદ હવે અંતિમ જાણ બોર્ડના દિવસે કરવામાં આવશે તેવું જણાવ્યું છે. આથી રાજકોટ ભાજપના નેતાઓ અને નવા ચૂંટાયેલા કોર્પોરેટરોએ બોર્ડ સુધી સસ્પેન્સનો જ અનુભવ કરવાનો છે. કારણ કે સૌરાષ્ટ્ર-ગુજરાતના અન્ય મહાનગરો સાથે જ્ઞાતિનું સંતુલન મહત્વનું બનવાનું છે. એક ચર્ચા મુજબ મેયર પદ માટે રાજકોટમાં પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય પૈકી એક જ્ઞાતિના કોર્પોરેટરની પસંદગી થઇ શકે છે. કડવા પાટીદાર નામ પણ આગળ આવી રહ્યું છે. ડે.મેયર પદે રઘુવંશી કોર્પોરેટરનું નામ અગાઉથી આગળ છે. લોહાણા જ્ઞાતિના મહિલા કોર્પોરેટરને ડે.મેયરનું પદ મળવાની શકયતા છે. સ્ટે.ચેરમેનની કી-પોસ્ટ પર સૌની નજર છે. આ પદ સવર્ણ અથવા ઓબીસી સમાજના કોર્પોરેટરને મળી શકે છે.

છતાં પ્રદેશે જેટલા જેટલા નામોની ભલામણ આવી છે તે તમામ કોર્પોરેટરના પૂરા બાયોડેટા પણ મંગાવ્યા છે. આ જ્ઞાતિના નગરસેવકોને અન્ય મહાનગરમાં મેયર, ડે.મેયર કે ચેરમેન બનાવવામાં આવે તો રાજકોટના નામોમાં ફેરબદલ પણ થઇ શકે છે. આમ છેલ્લી કસરત પ્રદેશ નેતાઓ તમામ ૧૫ કોર્પો.ના નામો ટેબલ પર રાખીને અંતિમ નિર્ણય લેશે.

આવતા સપ્તાહે દરેક કોર્પો.માં પદગ્રહણ શરૂ થશે. ગુરૂ-શુક્રવાર સુધીમાં રાજકોટ મનપામાં નવા પદાધિકારીઓ ચાર્જ સંભાળી લેશે એ નકકી બન્યું છે. જોકે ચાલુ સપ્તાહે હજુ વેઈટ એન્ડ વોચ જેવું જ બની રહેવાનું છે. ગાંધીનગર ખાતે પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં મહાનગરપાલિકાના પદાધિકારીઓના નામ પર ચર્ચા થઇ હતી. ૨૮ના રોજ ચૂંટણી પરિણમો જાહેર થયા બાદ સંકલનની બેઠક અને નિરીક્ષકોની સેન્સ પ્રકિયા પણ પૂર્ણ થઈ હતી. જોકે વડાપ્રધાન મોદીના કાર્યક્રમના પગલે પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મોકૂફ કરાઈ હતી. જેના કારણે સુકાનીઓની નિમણુંક પેન્ડીંગ છે.

હવે મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિ ચેરમેન સહિતના હોદ્દા માટેની વરણીની તૈયારીઓ તેજ કરાઈ છે. આજે પાર્લામેન્ટરી બોર્ડમાં નિરીક્ષકોએ તૈયાર કરેલી નામોની યાદી પર ચર્ચા થઇ હતી. ગઈકાલે બપોરે રાજકોટની સુનાવણી પૂરી થઇ ગઇ હતી.

પાર્લામેન્ટરી બોર્ડમાં નામો નક્કી થયા બાદ પદાધિકારીઓના નામના મેન્ડેટ પાર્ટીને મળશે. સરકારની સૂચના બાદ મ્યુનિ. કમિશનર સભાનો એજન્ડા બહાર પાડશે. જેમાં મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના સભ્યોની વરણી કરવાની દરખાસ્તો સામેલ કરાશે. રાજકોટમાં પ્રથમ બોર્ડમાં મુખ્ય પદાધિકારીઓની નિમણુંક બાદ ત્રણ દિવસમાં અન્ય પેટા સમિતિના ચેરમેનોની નિમણુંક માટે પણ બોર્ડ બોલાવવામાં આવશે.

---

**પ્રી-મોન્સૂન તૈયારીઓને આખરી ઓપ**

# ગોડાઉનોમાં અનાજનો ત્રણ મહિનાનો સ્ટોક રાખવા સૂચના



ચોમાસા પૂર્વે જ જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા આગોતરું આયોજન , તાલુકા મામલતદારોને તાકીદ : લોકો માટે ફુડ પેકેટ સહિતની વ્યવસ્થા કરવા આયોજન

રાજકોટ, તા. ૧૪

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા 'પ્રી-મોન્સૂન પ્રિપેર્ડનેસ' અંગેના આદેશો જારી કરવામાં આવ્યા છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશની સૂચના મુજબ જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા પુરવઠા અધિકારી એ. એસ. ઝાંપડા દ્વારા તમામ મામલતદારોને સૂચના આપી દેવામાં આવી છે કે વાવાઝોડું, અતિવૃષ્ટિ કે ભારે પૂર જેવી કુદરતી આપત્તિના સમયે પણ નાગરિકોને આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો અવિરત મળતો રહે તે માટે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવે. ઉપરાંત નીચાણવાળા અને સંપર્ક વિહોણા બની શકે તેવા સંભવિત વિસ્તારોની વાજબી ભાવની દુકાનો પર ચોમાસા પહેલા જ અનાજનો પૂરતો જથ્થો પહોંચાડી દેવા તથા દરેક તાલુકાના ગોડાઉનમાં ઓછામાં ઓછા ત્રણ માસની જરૂરિયાત મુજબનો અનાજનો જથ્થો જળવાઈ રહે તેવું આયોજન કરવા જણાવાયું છે.

જો ભારે વરસાદને કારણે રસ્તાઓ બંધ થાય, તો અસરગ્રસ્ત ગામો સુધી ડમ્પર અથવા હાઈ-ચેસીસ વાહનો દ્વારા પુરવઠો પહોંચાડવા માટે ડ્રાઈવરો અને વાહનોની યાદી તૈયાર રાખવા મામલતદારોને સૂચના અપાઈ છે. આપત્તિ સમયે અસરગ્રસ્ત લોકો માટે ફૂડ પેકેટની વ્યવસ્થા કરવા તેમજ જિલ્લા અને તાલુકા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર સાથે સતત સંકલનમાં રહેવા જણાવાયું છે. તમામ પેટ્રોલ પંપ પર પેટ્રોલ-ડીઝલનો અનામત જથ્થો રાખવા અને ગેસ એજન્સીઓને ગેસ સિલિન્ડરનો બાકી રહેલ બેકલોગ શૂન્ય કરી સમયસર વિતરણ કરવા આદેશ અપાયા છે.

આમ, ચોમાસા દરમિયાન વાવાઝોડાં કે અતિવૃષ્ટિ જેવી પરિસ્થિતિમાં પણ જાહેર વિતરણ વ્યવસ્થા ખોરવાય નહીં તે માટેની તમામ તૈયારીઓ આરંભી દેવાઈ છે. જિલ્લાનો કોઈપણ નાગરિક, ખાસ કરીને અંતરિયાળ કે નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકો, આપત્તિના સમયે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓથી વંચિત ન રહે તે હેતુથી તમામ મામલતદારોને તાલુકાનો વિગતવાર એક્શન પ્લાન બનાવવા પણ સૂચના આપવામાં આવી છે.

---

**રાજકોટ સહિત અમદાવાદ, સુરેન્દ્રનગર અને કચ્છમાં આજે હીટવેવની આગાહી : ૨૪ કલાક બાદ પવનની દિશામાં બદલાવની વકી**

# શહેરનું તાપમાન ૪૨.૨ ડિગ્રી, ગરમીમાં મળી થોડીક રાહત




રાજકોટ, તા. ૧૪

સૌરાષ્ટ્ર કચ્છના વાતાવરણમાં સતત બદલાવ જોવા મળી રહ્યો છે અને ગરમીનું પ્રમાણ ક્યાંક વધ્યું છે તો ક્યાંક ઘટ્યું પણ છે ગઈકાલની ઘટના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો ખંભાળિયા તથા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વંટોળિયો ફકાયો હતો અને લોકોને ગરમીમાંથી આંશિક રાહત પણ મળી હતી. તો બીજી તરફ અમદાવાદ ૪૪.૧ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. હાલ છે વિગત મળી રહી છે તે મુજબ રાજકોટનું ગઈકાલનું તાપમાન ૪૨.૨ ડિગ્રી નોંધાયુ હતું.

કચ્છ સુરેન્દ્રનગર સહિત ૧૧ જિલ્લામાં હીટ વેવની ચેતવણી પણ હવામાન વિભાગ દ્વારા આપવામાં આવી છે. હવામાનશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર બંગાળની ખાડી અને અરબી સમુદ્રની આસપાસ વિકસિત હવામાન પ્રણાલીઓ સમગ્ર ઉત્તર ભારત અને ગુજરાતના હવામાન પેટર્નને પ્રભાવિત કરી રહી છે.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ગુજરાતમાં આજે કચ્છ અને સુરેન્દ્રનગરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. અહીં આગ ઓકતી ગરમી પડવાની આગાહી છે. આ સાથે દ્વારકા, રાજકોટ, અમરેલી, બોટાદ, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠામાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી આપવામાં આવી છે. ગુજરાતના અનેક વિસ્તારોમાં આગામી બે દિવસ ૪૧થી ૪૫ ડિગ્રી તાપમાન રહેવાનું અનુમાન છે. ૨૪ કલાક બાદ પવનની દિશા બદલાઈ શકે છે. ૪૮ કલાક બાદ ધીમે ધીમે બેથી ચાર ડિગ્રી તાપમાન ઓછું થઈ શકે છે. કેટલાક વિસ્તારોમાં તોફાની પવન અને વરસાદ પડી રહ્યો છે, જ્યારે અન્ય વિસ્તારોમાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આગામી ૩૬ થી ૪૮ કલાક ઘણા રાજ્યો માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે આ તે સમયગાળો છે જે દરમિયાન હવામાન પ્રવૃત્તિ સૌથી તીવ્ર રહેવાની ધારણા છે.

---

# ઈન્ચાર્જ મ્યુ. કમિશનર બોલાવશે જનરલ બોર્ડ

## ૧૯મી બાદ ગમે તે ઘડીએ જનરલ બોર્ડ બોલાવી મેયર સહિતના હોદ્દેદારોની વરણી થશે



રાજકોટ, તા. ૧૪

છેલ્લા ઘણા સમયથી નવા હોદ્દેદારોના વરણી માટે જે વાટ જોવામાં આવતી હતી તે હવે પૂર્ણ થઈ ચૂકી છે. મળતી માહિતી મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અને તેના પરિણામ પણ આવી ગયા છે અને ૧૬ દિવસ જેટલો સમય પણ થઈ ચૂક્યો છે રાજ્યના મુખ્યમંત્રીના નિવાસ્થાને ગુજરાત પાર્લામેન્ટર બોર્ડની બેઠક પણ મળી છે ત્યારે હવે જેની આતુરતા પૂર્વક રાહ જોવામાં આવતી હતી તે ઘડી ૧૯ થી પૂર્ણ થશે અને નવા સુકાનીઓની વર્ણી માટે જનરલ બોર્ડનું પણ આયોજન કરવામાં આવશે.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને તેના પરિણામ આવી ગયા છે અને હાલ ગાંધીનગર ખાતે પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક મળી રહી છે. ત્યારે આવનારા દિવસોમાં હાલ આ તમામ નવા હોદ્દેદારોની વરણી થઈ જશે અને તેઓ તેમની જવાબદારી પણ સંભાળી લેશે તેવું ચિત્ર હાલ ઊભું થયું છે. હાલ જનરલ બોર્ડ મારફતે નવા સુકાનીઓની નામોની જાહેરાત પણ કરી દેવામાં આવશે.

આગામી તા. ૧૯ના મંગળવારથી નગરપાલિકાઓમાં પ્રમુખો, ઉપપ્રમુખ, જે તે મુખ્ય સમિતિના ચેરમેનોની વરણી માટે બોર્ડ બોલાવવામાં આવશે. તબકકાવાર જિલ્લા પંચાયતો અને મહાપાલિકાઓમાં પણ આ જ રીતે બોર્ડ બોલાવીને પદાધિકારીઓની નિમણુંક માટે કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ગાંધીનગર ખાતે બે દિવસથી પ્રદેશ ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક ચાલી રહી છે. નગરપાલિકાઓ માટે લગભગ ચર્ચા પૂરી થઇ ચૂકી છે. આજે સવારથી રાજકોટ સહિતના મ્યુનિ. કોર્પો. માટે પાર્લામેન્ટ્રી બોર્ડના અધ્યક્ષ સહિતના સભ્યો વચ્ચે ચર્ચા થઇ હતી.

પ્રદેશ પ્રમુખ સહિતના સંગઠનના લોકો, ધારાસભ્યો, સાંસદ સહિતના અપેક્ષીતો વચ્ચે મહાનગરવાઇઝ ચર્ચા આગળ ચાલી હતી. રાજકોટની બેઠકમાં પ્રમુખ, ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. હવે જિલ્લા પંચાયતો અંગે ચર્ચા શરૂ થઇ છે. દરમ્યાન વડાપ્રધાનની તાજેતરની ગુજરાતની મુલાકાત સમયે પાર્ટીએ રાજકીય ગતિવિધી સ્થગિત કરતા મેયરો, પ્રમુખો સહિતની નિમણુંકની કાર્યવાહી અટકી હતી. બે દિવસથી હવે બોર્ડમાં આ ચર્ચા ચાલી રહી છે.

**મ્યુનિસિપલ કમિશનર સુમેરા ત્રણ અઠવાડિયા ટ્રેનિંગ અર્થે મસુરી પહોંચ્યા છે ત્યારે જિલ્લા વિકાસ અધિકારીને સોમવાર બાદ ચાર્જ સોંપવામાં આવે તેવી અટકળો તેજ**

આથી તા. ૧૯ના રોજ પહેલા નગરપાલિકાઓમાં પ્રમુખ માટે બોર્ડ મળે તેવી સંભાવના દેખાઇ રહી છે. હાલ પક્ષે તા. ૧૯ના મંગળવારથી તા. ૨૨ના શુક્રવાર સુધીમાં તમામ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં પદાધિકારીઓની નિમણુંક થઇ જાય તેવી તૈયારી કરી છે. પ્રથમ બોર્ડ બોલાવવા નગરપાલિકાઓમાં સૂચના રવાના થવા લાગી છે. ઘણી પાલિકાઓમાં તા.૧૯ના રોજ બોર્ડ મળશે તે નકકી થયું છે. આ બાદના એક-બે દિવસમાં જ ૧૫ મહાપાલિકાની સામાન્ય સભા બોલાવવા પણ સરકારમાંથી કમિશ્નરોને સૂચના મોકલાવાશે તેમ જાણવા મળ્યું છે.

આમ મંગળથી શુક્રવાર સુધીમાં દરેક સંસ્થાઓમાં બોર્ડ મળવા લાગશે. રાજકોટમાં મંગળ અથવા બુધવારે જનરલ બોર્ડ મળી શકે છે. પાર્ટી ફાઇનલ નામ મોકલે એટલે જનરલ બોર્ડમાં જાહેરાત કરવા સાથે નવી ટર્મના પદાધિકારીઓ હોદ્દા સંભાળશે અને વહીવટી તંત્ર ધમધમતું થઇ જશે. રાજકોટ મહાનગર માટે વાત કરવામાં આવે તો એ વાત સ્પષ્ટ થઈ ચૂકી છે તે હાલ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર ત્રણ સપ્તાહ માટે મસુરી ટ્રેનિંગ અર્થે ગયેલા છે ત્યારે ઇન્ચાર્જ તરીકે મહેશ જાણીને ચાર્જ સોંપવામાં આવ્યો હતો પરંતુ તેમની પણ બદલી થઈ ચૂકી છે ત્યારે હાલ મહાનગરપાલિકામાં કમિશનરનો વધારાનો ચાર્જ હજી સુધી સોંપવામાં આવ્યો નથી.

તો બીજી તરફ સોમવારે કલેકટર હાજર થઈ જતા ડીડીઓને જે કલેક્ટરનો વધુનો ચાર્જ આપવામાં આવ્યો હતો તેઓને મહાનગરપાલિકાના કમિશનરનો ચાર્જ આપવામાં આવે તેવી હાલ અટકળો ચાલી રહી છે. અત્યારે જોવાનું એ રહ્યું કે ઇન્ચાર્જ કમિશનર જ ખાસ જનરલ બોર્ડ બોલાવશે અને મેયરના નામની વર્ણી કરશે. હાલ મહાનગરપાલિકામાં પણ વહીવટી કામો ચાલુ નથી કારણ કે કમિશનર ટ્રેનિંગમાં હોવાથી અન્યને ચાર્જ સોપવામાં આવવો જોઈએ તે અપાયો નથી. તો બીજી તરફ હાલ પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા ધડાધડ નામો ની યાદી જે આવી રહી છે તેમાં અંતિમ મહોર લગાવવામાં આવી રહી છે. ત્યારે આવનારા દિવસોમાં ધડાધડ મહાનગરપાલિકા, તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતના હોદ્દેદારોના નામોની વરણી કરી દેવામાં આવશે. એટલું જ નહીં રાજકીય સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ નગરપાલિકા માટે વહેલા બોર્ડ બેઠક બોલાવવામાં આવે તો પણ નવાઈ નહીં.